**આજનો સુવિચાર**

આપણા સંકલ્પો એવા હોવા જોઈએ જેનાથી આપણું અને બીજાનું કલ્યાણ થાય

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૬૮ જૂનાગઢ તા.૩૦-૧૦-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 268, Junagadh : Date : 30 October, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay







# વડાપ્રધાન મોદીએ અંબાજી મંદિરે દર્શન - પુજા કરી : રૂા.૬૦૦૦ કરોડનાં વિકાસકાર્યોનું લોકાર્પણ

## આવતીકાલે મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલને શ્રધ્ધાંજલી અર્પણ કરશે

અમદાવાદ તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે બે દિવસના ગુજરાત પ્રવાસે આવી પહોંચ્યા હતા. અંબાજી માતાજીના મંદિરે દર્શન-પુજા કર્યા બાદ વિવિધ કાર્યક્રમોમાં સામેલ થઈને અંદાજીત રૂા.૬૦૦૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહુર્ત કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે બે દિવસનાં ગુજરાત પ્રવાસ અંતર્ગત અમદાવાદ એરપોર્ટે આવી પહોંચ્યા હતા જયાંથી તેઓ સૌ પ્રથમ તેઓ અંબાજી મંદિરે પહોંચ્યા હતા.

અંબાજી મંદિરે દર્શન-પુજા કર્યા હતા. વતનના પ્રવાસે આવેલા વડાપ્રધાન દ્વારા મહેસાણા જીલ્લાના દાભોડામાં જાહેર સભામાં સામેલ થઈને રૂા.૫૯૫૦ કરોડના વિકાસ કામોનો શિલાન્યાસ-લોકાર્પણ કર્યા હતા તેમાં મહેસાણા તથા અમદાવાદ જીલ્લાની બે રેલવે યોજનાનો પણ સમાવેશ થાય છે વિરમગામથી સામખીયાળી સુધી ૧૮૨, કીમી રેલ લાઈનનાં ડબલ ટ્રેકનો પણ સમાવેશ થાય છે. આ સિવાય ગુજરાત રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશનનાં પ્રોજેકટને પણ લોંચ કર્યો હતો.

તદ્ ઉપરાંત સાબરમતી નદી પર નિર્માણ થનાર લીફટ સિંચાઈ સંબંધી યોજનાનું પણ લોકાર્પણ કર્યુ હતું. વડાપ્રધાને એકતાનગર ખાતે વિકાસ પ્રોજેકટ પ્રવાસન સુવિધાઓનું પણ લોકાર્પણ કર્યુ હતું. તેમાં ૩૦ ઈ-બસ, એક પબ્લીક બાઈક શેરીંગ, પ્રોજેકટ ગોલ્ફકોર્ટ, વગેરેનો સમાવેશ થાય છે. વડાપ્રધાને કોમન ફાઊન્ડેશન કોર્સનાં અધિકારીઓને પણ સંબોધન કરવામાં કર્યુ હતું. આવતીકાલે તેઓ સરદાર પટેલ જયંતિ નિમિતે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલને શ્રધ્ધાંજલી અર્પણ કરશે. ઉપરાંત યુવાઓનાં રાષ્ટ્રવ્યાપી સંગઠન મેરા યુવા ભારતને લોંચ કરશે.


**જોઈએ છે**
**સિવીલ એન્જીનીયર**
3/૪ વર્ષનાં અનુભવી
M.:7016720764
Whatsapp : 9825744767



**સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટનાં હૃદયરોગનાં નિષ્ણાંત ડૉકટર આપના શહેર વેરાવળમાં...**

**ડૉ. તુષાર ભટ્ટી**
MBBS, DNB (Medicine), DrNB (Cardiology)
કન્સલ્ટન્ટ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ

નીચે મુજબની તકલીફોવાળા દર્દીઓ માટે...
- ચાલવાથી / સીડી ચઢવાથી છાતીમાં દુઃખાવો કે ગભરામણ થવી
- એન્જીઓગ્રાફી, એન્જીઓપ્લાસ્ટી કે બાયપાસ કરાવેલ હોય કે કરવાની સલાહ આપેલ હોય.
- હાઈ બ્લડ પ્રેશર (બીપી)
- હૃદયનાં વાલ્વની તકલીફ
- બાળકોમાં થતી હૃદયરોગની તકલીફો
- હૃદયનાં ધબકારા વધી જવા
- હૃદયરોગની જુની બીમારી

તારીખ : ૨-૧૧-૨૦૨૩, ગુરૂવાર
સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ સુધી
સ્થળ : ડૉ. રાજેશ ઘનશાણી, આઈ.જી. મેમોરીયલ હોસ્પિટલ, વેરાવળ.

**દર મહિનાનાં પહેલા ગુરૂવારે નિયમીત મળશે**

નામ લખાવવા સંપર્ક : ૮૩૪૭૧ ૮૪૨૯૯, ૦૨૮૭૬-૨૪૫૬૭૮

Sterling HOSPITALS
કન્સલ્ટ કરો સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટનાં નિષ્ણાંત સાથે વધુ માહિતી માટે સંપર્ક :
95740 00698
રૈયા સર્કલ પાસે, ૧૫૦ ફુટ રિંગ રોડ, રાજકોટ   www.sterlinghospitals.com


# આંધ્રપ્રદેશમાં બે ટ્રેનોની ટક્કરનો મૃત્યુઆંક ૧૩

વિજયનગર તા.૩૦

આંધ્રપ્રદેશનાં વિજયનગર જીલ્લામાં સર્જાયેલી ટ્રેન દુર્ઘટનાનો મૃત્યુઆંક ૧૩ થયો છે અને ૫૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. બે ટ્રેનો વચ્ચેની ટકકર બાદ પ્રવાસી ટ્રેનનાં કોચમાં પડયા હતા. આ દુર્ઘટનાને પગલે અનેક ટ્રેનો રદ કે ડાઈવર્ટ કરવામાં આવી હતી. રેલવે વિભાગનાં સુત્રોએ કહ્યું કે હાવડા-ચેન્નાઈ રૂટ પર વિશાખાપટ્ટનમ પલાસા પ્રવાસી ટ્રેન તથા વિશાખાપટ્ટનમ-રાયગઢ પેસેન્જર ટ્રેન વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

જેને પગલે ત્રણ કોચ પાટા પરથી ખડી પડયા હતા. આ દુર્ઘટનાનીજાણ થતા તુર્ત જ રાહત-બચાવ કામગીરી માટે ટીમોને દોડાવવામાં આવી હતી. આ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૩ નો થયો છે.જયારે ૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ દુર્ઘટનાને પગલે રૂટ પરની ૧૮ ટ્રેનો રદ કરી દેવામાં આવી હતી. જયારે ૨૨ ટ્રેનો ડાઈવર્ટ કરવામાં આવી હતી. રેલવેમંત્રી અશ્વીની વૈષ્ણવે કહ્યુ કે રાહત-બચાવ કામગીરી મોટાભાગે સમાપ્ત થઈ ગઈ છે. ફસાયેલા તમામ લોકોને બહાર કાઢી લેવામાં આવ્યા છે.


**મહાયોગી**
**વિરેચન ચૂર્ણ**
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : **સાગર માર્કેટીંગ**
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫


# આખરે કેન્દ્ર સરકારે સ્વીકાર્યુ : હૃદયરોગથી મૃત્યુનાં બનાવોમાં કોરોનાની તિવ્ર અસર જવાબદાર

નવી દિલ્હી તા. ૩૦

દેશમાં કોરોના કાળ બાદ હૃદયરોગના વધેલા કિસ્સા તથા કાર્ડીયાક એરેસ્ટથી થતા મોતમાં પ્રથમ વખત કેન્દ્ર સરકારે મૌન તોડતા આ સ્થિતિ કોરોનાની તિવ્ર અસરના કારણે ઉદ્‌ભવી હોવાનું તારણ આપ્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાએ આઈસીએમઆર દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસને આગળ ધરતા કહ્યું કે જેઓને કોરોનાની તિવ્ર અસર થઈ હતી તેઓએ હૃદયરોગના હુમલા કે કાર્ડીયાક અરેસ્ટથી બચવા માટે એક અથવા બે વર્ષ સખ્ત મહેનતથી બચવું જોઈએ. ગુજરાતમાં નવરાત્રીના સમયમાં ગરબે રમતા કે પછી જીમમાં કસરત કરતા સહિતના સમયે જે રીતે હૃદયરોગના હુમલાથી અથવા કાર્ડીયાક એરેસ્ટથી મૃત્યુનો ઉંચો દર નોંધાયો તેનો જવાબ મેળવવા ગુજરાત સરકારે પણ નિષ્ણાંત તબીબોની ટીમ રચી છે જે ડેટા મેળવ્યા બાદ તેના પર અભ્યાસ કરી તારણ આપશે. આ અંગે કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવીયાએ કહ્યું કે આઈસીએમઆર દ્વારા ખૂબજ ઉંડાણપૂર્વક આ સ્થિતિની તપાસ કરવામાં આવી છે અને તેના તારણમાં જેઓ મહામારી સમયે કોવિડની તિવ્ર અસર હેઠળ આવ્યા હતા.


ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
**NIT® ટેકનીકલ કોલેજ**
સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં સિખરી
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી તદ્દન નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com



**સેલ... સેલ... સેલ...**
રોનક ગીફટમાં તદ્‌ન દિવાળીની નવી આઈટમ જેમકે, ફલાવર પોટ, ફલાવર બુકે, નાઈટ લેમ્પ, ઝુમ્મર, વોલપીસ, મૂખવાસ દાની,
**રોનક ગીફટ**
તેમાં પણ ૧૦% ડિસ્કાઉન્ટ
તો અવશ્ય મુલાકાત લો....
હવેલી ગલી, વિનોદ બેન્ગલ્સની સામેની ગલીમાં, રઘુનાથ ચેમ્બર, જૂનાગઢ.
મો. ૯૭૨૩૮ ૯૮૪૮૫


## હવે ડુંગળી રડાવી રહી છે : એક સપ્તાહમાં ભાવ બમણા થયા : ૧ કિલોનાં રૂા.૧૦૦

નવી દિલ્હી, તા.૩૦: કેટલાક મહિનાઓથી ટામેટાના ભાવે સામાન્ય લોકોના રસોડાનું બજેટ બગાડ્યું હતું અને હવે ડુંગળીના ભાવે પણ તે જ માર્ગ અપનાવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં ડુંગળીના ભાવમાં રેકોર્ડ વધારો જોવા મળી રહ્યો છે. દિલ્હી **NCR**માં એક સપ્તાહમાં ડુંગળીના ભાવ બમણા થઈ ગયા છે. આ સિવાય બેંગલુરુ, પંજાબ, મુંબઈ અને દેશના અન્ય શહેરોમાં ડુંગળીની કિંમત ૧૦૦ રૂપિયાની નજીક પહોંચી ગઈ છે. અહેવાલો અનુસાર ડુંગળીના ભાવમાં હજુ પણ વધારો થવાની ધારણા છે. રવિવારે બેંગલુરુમાં ડુંગળીનો જથ્થાબંધ ભાવ ૭૦ રૂપિયા પ્રતિ કિલો હતો, જે એક સપ્તાહ પહેલા ૫૦ રૂપિયા હતો. તે જ સમયે, છૂટક કિંમત ૩૯ રૂપિયાથી વધીને ૮૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. ટાઈમ્સ ઓફ ઈન્ડીયાનાં અહેવાલ મુજબ, ડુંગળીના ભાવ હજુ થોડા દિવસો સુધી ઊંચા સ્તરે રહેશે અને તે ૧૦૦ રૂપિયાને પાર કરી શકે છે અને પ્રતિ કિલો ૧૫૦ રૂપિયા સુધી જઈ શકે છે.


**PLOT FOR URGENT SALE**
**Best Plot**
**For Banglow or Flats**
જૂનાગઢ, લક્ષ્મીનગરમાં 300+ વારનો પ્લોટ
દલાલો આવકાર્ય
**કસમાં વેચવાનો છે**
મો. ૮૧૬૦૪ ૬૮૧૯૨



**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા**
**યુરોસર્જીકલ હોસ્પિટલ**
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



**ઓફર...ઓફર...**
M. 99787 06355
☎ : (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
**બીના ઈલેકટ્રોનિકસ**
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# જૂનાગઢના યુવાન સાથે લગ્નના નામે ૧.૯૦ લાખની ઠગાઈ, પાંચ સામે નોંધાઈ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ ઉપર શ્રીનાથ ટાવર સામે શકિત ડુપ્લેક્ષમાં રહેતા અને જોગી પેટ્રોલ પંપમાં ફીલર તરીકે નોકરી કરતા વિજય નરેન્દ્ર ધારૂકિયા (ઉ.વ.૪૨)ના લગ્ન માટે તેમના પરિવારના સભ્યો કન્યા શોધતા હતા. ત્યારે તેમનો સંપર્ક ધોરાજીના સિરાજ ફકીર સાથે થયા બાદ તેમણે અને ઝરીનાબેન(મહરાષ્ટ્ર) સાથે થયો અને તેમણે દલાલી તરીકે વિશ્વાસમાં લઈને એકપછી એક કન્યા બતાવી હતી અને અંતે ઔરંગાબાદના મૌલાના નામના શખ્સ સાથે સંપર્ક કરીને ત્યાં ગયા હતા. ત્યાં રમીઝ બેગ સાથે મળીને ઔરંગાબાદની પૂજા સુનીલ જાદવ સાથે વિજયના લગ્ન નક્કી કર્યા અને લગ્ન પેટે કુલ ૧.૯૦ લાખ રૂપીયા ચુકવ્યા બાદ તેમના બનેના હારતોરા કરીને લગ્ન થયા અને કન્યા પૂજા લગ્ન કરીને ઔરંગાબાદથી જૂનાગઢ આવી હતી પરંતુ લગ્નના બીજા દિવસે તેમના પિયરથી ભાઈનો ફોન આવ્યો કે અહી ઘરમાં તેમના લગ્નને લઈને પ્રોબ્લેમ થયો છે અને અહી આવી જા પછી ધામધૂમથી લગ્ન કરાવી આપીશું. તેવી ખાતરી આપી કન્યા પૂજા ઘરે જતી રહી અને ત્રણ મહિના સુધી પરત ના આવતા અંતે વિજયને માલુમ પડયું કે તેની સાથે છેતરપિંડી થયેલ છે જેથી તેઓએ બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# માંગરોળ પાલિકાએ સફાઈ કામદારોને ત્રણ માસનું વેતન ના આપતા સફાઈ કામદારો હડતાળ ઉપર




(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૩૦

માંગરોળ ન.પા.ના આઉટસોર્સિંગ સફાઈ કામદારોના ત્રણેક માસના ચઢત વેતન ઉપરાંત પ્રોવિડન્ડ ફંડ, રોજમદાર તરીકે ભરતી, લઘુતમ વેતન સહિતની માંગણીઓને લઈને સફાઈ કામદારોની હડતાળ ચાલી રહી છે. જેના પરિણામે શહેરમાં ઠેર ઠેર ગંદકીના ગંજ લાગી જતા નર્કાગાર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. શહેરમાં છેલ્લા લાંબા સમયથી કથળેલી સફાઈ વ્યવસ્થા અંગે લોકોમાં અનેક ફરીયાદો ઉઠી છે. સફાઈ માટે નિયત કરાયેલી એજન્સીને દર માસે ચુકવણું કરવામાં ન.પા.ની નિષ્ફળતાને લીધે એજન્સી દ્વારા પગાર ચુકવણીમાં થતા અખાડાથી સફાઈકર્મીઓ અવારનવાર કામગીરીથી અળગા રહે છે. પરિણામે જાહેર માર્ગો, સોસાયટીઓ, શેરીઓમાં દિવસો સુધી ખદબદતા ઉકરડા, ગંદકીના ગંજના દ્રશ્યો જોવા મળે છે. ડોર ટુ ડોર કચરાના કલેક્શનની કામગીરી પણ ઠપ્પ થઈ જવા પામે છે. ચોતરફ ફેલાયેલી ગંદકીથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. લોકોની રજુઆતો જાણે ધ્યાને જ ન લેવાતી હોય, સફાઈ અને જાહેર આરોગ્યના મામલે એજન્સી અને ન.પા. બન્ને સદંતર નિષ્ફળ નિવડતા હોવાનું ચિત્ર ઉપસે છે. દરમ્યાન ગત માસે કેશોદની એજન્સીને સફાઈની કામગીરી સોંપાઈ છે. ત્યારે આઉટસોર્સિંગ સફાઈ કામદારોએ ચઢત પગાર સહિતની માંગણીઓ ફરી દોહરાવી છે. સફાઈ કામદારોને અન્યાય અને શોષણ થતું હોવાનું જણાવી ચિફ ઓફીસરને રજૂઆત કરી છે કે કોન્ટ્રાક્ટ બેઝ ઉપર કામ કરતા સફાઈકર્મીઓના ત્રણ માસના પગાર બાકી છે, ચોથો માસ ચાલુ છે. તેનો તાત્કાલિક પગાર ચૂકવવામાં આવે. આ ઉપરાંત કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરી સફાઈ કામદારોની કાયદેસર ભરતી કરી ફિક્સ પગારથી અથવા રોજમદાર તરીકે ભરતી કરવામાં આવે. સફાઈ કામદારોનું ૧૫ - ૨૦ વર્ષનું પી.એફ. કોન્ટ્રાક્ટર પાસેથી વસુલી કામદારોના પીએફ ખાતામાં જમા કરવા તેમજ લઘુતમ વેતન ધારા મુજબ વેતન ચુકવવા અને શ્રમ કાયદા મુજબ મળવાપાત્ર લાભો આપવા માંગ કરી છે. આ માંગણીઓ લઈને સફાઈ કામદારો છેલ્લા દશેક દિવસથી હડતાળ ઉપર ઉતરી ગયા છે. માંગરોળ પાલિકામા સાત સાત માસથી વહીવટદાર શાસન છે. છત્તા લોકોની સમસ્યાઓ જૈસે થે જેવી જોવા મળે છે. શહેરમાં ગંદકીના ઢગલા જામ્યા છે તેને સફાઈ કરવાને બદલે ચોપાટીની સફાઈ કરવાના ફોટોઓ સરકારમાં મોકલવામાં આવી રહ્યા છે. ત્યારે મહત્વપૂર્ણ છે કે આ ફોટો સેસનમા પદાધિકારીઓ અને અધિકારીઓ પણ જોડાયા હતા. જેઓને શહેરની ગંદકી દેખાતી નહીં હોય ? એક તરફ સફાઈ કામદારોની હડતાલ હોય પાલિકા પાસે ચોક્કસ સફાઈ માટે કોઈ આયોજન ના હોય, ટ્રેકટર, વોક્યુમ, ટ્રોલી જેવા સાધનો નથી. શહેરીજનો સફાઈ માટે વારંવાર રજુઆત કરે છે. શહેરમાં ગંદકીના ઢગલાઓ લાગ્યા છે. મુખ્ય રોડ ઉપર મહીનાઓ સુધી સફાઈ થઈ નથી. ત્યારે સત્તાધીશો સફાઈ કામદારો નથી તેવું રટણ કરે છે. ગતરોજ સરકારના આદેશ મુજબ સફાઈ પખવાડિયાની ઉજવણી કરવાની હોય જેથી બંદર ઉપર ચોપાટીએ પાલિકાએ સફાઈ હાથ ધરી ફોટા પડાવી સરકારને મોકલી સંતોષ માની લીધો. પાલિકામાં છેલ્લા સાત સાત માસથી વહીવટદાર સાશન હોય, હાલ કોઈ પક્ષ અડચણ રૂપ ના હોય ત્યારે પાલીકા વહીવટદારને શહેરના વિકાસમાં કોણ અવરોધક બને છે ? તે લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. શહેરીજનોએ પણ શહેરના કચરાની પરિસ્થિતિ વિશે અનેક વખત ફરીયાદો કરી ચૂંટાયેલા પૂર્વ હોદેદારોને વાકેફ કર્યા હોય, તેઓ પણ કમ-અસ-કમ સરકારમાં ફોટા મોકલી પાલિકાની ભૂમીકા બતાવે તો સરકારને સાચા સ્વચ્છતા અભિયાનની ખબર પડે.

# કેશોદ નજીક ગમખ્વાર અકસ્માતમાં એકનું મોત ૬ ઈજાગ્રસ્ત થયા




(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૩૦

કેશોદ નજીક પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર બાયપાસ રોડ પર બે ફોર વ્હીલ કાર વચ્ચે અકસ્માત સર્જાતા ગમખ્વાર અકસ્માતમાં એક મહિલાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ૬ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યાં બાદ જૂનાગઢ વધું સારવાર માટે રીફર કરવામાં આવેલ છે. જાણવા મળતી માહિતી મુજબ જૂનાગઢ તરફથી આવતી ફોરવ્હીલ કાર ક્રેટા રજીસ્ટ્રેશન નંબર જ જીજે-૦૧-કેયુ-૨૨૭૭ના ચાલકે સ્ટીયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ડિવાઈડર કુદીને રોંગ સાઈડમાં ઘુસી જતા વેગનેઆર કારમાં રહેલાં તાલાલા ડી. એમ. બારડ હાઈસ્કૂલમાં આશીસ્ટન્ટ શિક્ષક તરીકે ફરજ બજાવતાં અને રાજકોટ જાગનાથ પ્લોટમાં રહેતાં જોષી હેતલબેન બીપીનભાઈનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે બ્રીજેશભાઈ જશવંતભાઈ પટેલ, સ્મિતાબેન બ્રીજેશભાઈ પટેલ, મહેકબેન બ્રીજેશભાઈ પટેલ, રેખાબેન ચીરાગભાઈ પટેલ, હિનાબેન ચીરાગભાઈ પટેલ, પ્રાંજલ ચીરાગભાઈ પટેલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે જૂનાગઢ રીફર કરવામાં આવેલ છે. કેશોદ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતાં જ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર બી. બી. કોળી તુરંત ઘટનાસ્થળે પહોંચી જઈ ઈજાગ્રસ્તોને ઝડપી સારવાર મળે અને ટ્રાફિક ખુલ્લો કરવા કામગીરી હાથ ધરી હતી. કેશોદ નજીક પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર છાશવારે આકસ્મિક ઘટનાઓ બને છે અને નિદોર્ષ વાહનચાલકો ઈજાગ્રસ્ત બને છે અને મોતને ભેટે છે ત્યારે સર્વિસ રોડ બનાવવા કરવામાં આવેલ માંગ જવાબદાર તંત્ર દ્વારા કાને ધરવામાં આવતી નથી. કેશોદ બાયપાસ રોડ ઉપર આવેલી ખેતીની જમીન બિનખેતી થતાં ઔધોગિક એકમો અને શૈક્ષણિક સંકુલો બનતાં દુર સુધી ફરવા જવું ન પડે એટલે રોંગ સાઈડમાં આવતાં ભારે વાહનોને કારણે આકસ્મિક ઘટનાઓ બને છે તે અંગે વારંવાર રજૂઆતો ફરિયાદો કરવામાં આવી હોય કોઈ પ્રકારની નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસ હેડ કોન્સ્ટેબલ કિરણભાઈ જીવાભાઈ ડાભી પોલીસ કોન્સ્ટેબલ વિનયસિહ કાળુભાઈ સિસોદિયા અજયસિંહ કલ્યાણસિંહ ચુડાસમા દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરી આગળની તપાસ ચલાવી રહ્યાં છે.

# માંગરોળના શેપા ભોલરીયામાં ઈલેક્ટ્રીક સોટ લાગવાથી યુવકનું મોત

**ચાર નાના બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં હૈયાફાટ રૂદન**

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૩૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતેના શેપા ગામે ભોલરીયાપાવાડી વિસ્તારમાં એક મુસ્લિમ યુવકને શનિવારે સાંજે ઈલેક્ટ્રીક સોટ લાગવાથી મોત નીપજયું હતું. યુવકને માંગરોળ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ માંગરોળથી દશેક કીમી દૂર શેપા ગામની ભોલરીયાપા વાડી વિસ્તારમાં રહેતા યુસુફ હાસમ જડા (ઉ. વ. આ. ૪૦ વર્ષ) શનિવારે સાંજે મોટર ચાલું કરવા જતા ઈલેક્ટ્રીક સોટ લાગ્યો હતો. જેના કારણે યુવકને તાત્કાલિક અસરથી માંગરોળ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવેલ પરંતુ તબિબે તેમને મૃત જાહેર કરેલ. ભોલરીયાપામાં રહેતા હાસમભાઈ જડાના એકના એક પુત્ર યુસુફ કે જેમને સંતાનમાં બે પુત્ર અને બે પૂત્રીઓ છે. યુસુફના અચાનક મોતથી ચાર નાના બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે. જયારે પથારીવસ પિતાએ પોતાનો એક એક યુવાન દિકરો ગુમાવી દેતા પરિવાર ઉપર આભ તૂટી પડયું હતું. યુવકને માંગરોળ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા આગેવાનો પણ સરકારે હોસ્પિટલ ખાતે દોડી આવેલ આ બાબતે માંગરોળ પોલીસે સધન તપાસ હાથ ધરી છે.

# બિલખા તાબાનાં મંડલીકપુર ગામે પીએચસીના અધિકારીઓ દ્વારા રાત્રે આરોગ્ય જાગૃતિ શિબિર યોજાઈ



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા. ૩૦

શરદ પુનમની રાત્રે પીએચસીનાં અધિકારીઓ દ્વારા તા. ૨૮ ઓકટો. શનિવારે બિલખા તાબાનાં મંડલીકપુર ગામે રાત્રીનાં સમયે ડેંન્ગ્યુ, મેલેરીયા અને ચીકન ગુનીયા જેવા વાહક રોગોનો ફેલાવો અટકાવવા માટે એક જનજાગૃતી શિબિર યોજવામાં આવી હતી. હાલમાં ખેતીની સીઝન ચાલતી હોય લોકો કામ ધંધે ગયા હોય એટલા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા રાત્રીનાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેડીકલ ઓફીસાર હરીહર, સુપરવાઈઝર જોષી તેમજ ગામનાં આરોગ્ય કર્મચારી દિપકભાઈએ ઉપસ્થિત રહી આ વાહક રોગથી બચવાનાં ઉપાયો બતાવ્યા હતાં. આ કાર્યક્રમમાં ગામનાં પૂર્વ સરપંચ, પૂર્વ ઉપસરપંચ, આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતાં. અને રોગથી બચવાનાં ઉપાયોનો આ અભિયાનને સમર્થન આપ્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં અધિકારીઓએ ઉપસ્થિત આગેવાનો અને ગ્રામજનોને આ અભિયાનને સમર્થન આપવા બદલ આભાર માન્યો હતો.

# દ્વારકા રઘુવંશી સમાજ દ્વારા આયોજીત ઓખામંડળ સમસ્ત રઘુવંશી સમાજ માટે દ્વારકામાં ભવ્ય શરદ રાસોત્સવ યોજાયો





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩૦

દ્વારકામાં ઓખામંડળ સમસ્ત રઘુવંશી સમાજ માટે દ્વારકાની ૧૩૬ વર્ષ જુની ગૌશાળાના વિશાળ પટાંગણમાં ગઈકાલે રાત્રિના ૮-૩૦ કલાકેથી શરદ રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. દ્વારકા તાલુકા કક્ષાના આ રાસોત્સવમાં સૌરાષ્ટ્રના જાણીતા સીંગરો મયુરી ગજ્જર તથા આશિષ ઝાલા લાઈવ ઓરકેસ્ટ્રા સાથે ધૂમ મચાવેલ. આ રાસોત્સવ ફકત રઘુવંશી ભાઈઓ તથા બહેનો માટે હોય તેથી બહોળી સંખ્યામાં ઓખામંડળના ખેલૈયાઓ રાસોત્સવમાં જોડાયા હતા. રાસોત્સવમાં ખેલૈયાઓ દ્વારા પહેરવામાં આવેલા ટ્રેડીશ્નલ ડ્રેસ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ખેલૈયાઓ દ્વારા ઓરકેસ્ટ્રાના સથવારે મોડી રાત્રિ સુધી રાસની રંગત માણી હતી. સમગ્ર રાસોત્સવના આયોજનને સફળ બનાવવા માટે રઘુવંશી સમાજના સર્વે આગેવાનોએ જહેમત ઉઠાવેલ.

# જૂનાગઢમાં આવતીકાલે પ્રબોધ સ્વામીજીની સભા યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૩૦

હરીપ્રબોધમ પરીવાર ગુણાતીત પ્રદેશ દ્વારા શ્રી હરીની દિવ્યતા અને ગુણાતીત સાધુનાં ધારક તથા ગુરૂહરી હરિપ્રસાદ સ્વામીના અનુગામી એવા પૂ. પ્રબોધ સ્વામીજી મહારાજની સભા તા. ૩૧ ને મંગળવારનાં રોજ રાત્રે ૮.૩૦ કલાકે લોઢીયાવાડી, જલારામ સોસાયટી, જૂનાગઢ ખાતે યોજાનાર છે.

પૂ. પ્રબોધ સ્વામીજી આજે સાંજે જૂનાગઢ ખલીલપુર રોડ ઉપર પૂજાપાર્કમાં રહેતા હરીભકત હાર્દિકભાઈ બાબરીયાને ત્યાં પધરામણી કરશે. તે પૂર્વે સ્વામીજીનું ખલીલપુર પર આવેલ સિધ્ધી વિનાયક ગેટ પાસેથી ભવ્ય સ્વાગત કરાશે. અને તેઓ બગીમાં બેસી ભકતજનોને દર્શન આપશે અને વાજતે ગાજતે સામૈયા કરવામાં આવશે. આ સામૈયામાં પૂ. સુયોગ સ્વામીજી, શૈલેષભાઈ દવે, વિરલભાઈ વૈદ્ય, ઉજવલભાઈ વાછાણી, હાર્દિકભાઈ બાબરીયા જોડાય ભાવ વ્યકત કરશે. અને હાર્દિકભાઈ બાબરીયાનાં નિવાસ સ્થાને પૂ. પ્રબોધ સ્વામીજી ભગવાન સ્વામીનારાયણને થાળ ધરશે. બાદમાં સૌ હરીભકતો પ્રસાદ લેશે. આવતીકાલે યોજાનાર સ્વામીજીની સભામાં ૧૨૦૦થી વધુ હરીભકતો ઉપસ્થિત રહી લાભ લેશે.

# આજે સોમવારે રાહુગ્રહનું મીન રાશીમાં પ્રવેશનું ફળ કથન

તા. ૩૦-૧૦-૨૩ને સોમવારે બપોરે ૪.૪૮ કલાકે રાહુગ્રહ મીન રાશીમાં પ્રવેશ કરશે. અને કેતુ ગ્રહ કન્યા રાશીમાં પ્રવેશ કરશે. રાહુ ગ્રહ તા. ૩૦-૧-૦-૨૩ થી તા. ૧૮-૫-૨૩ સુધી મીન રાશીમાં રહેશે. જેનુ ફળ બારેય રાશીને આ પ્રમાણે ગણાશે.

મેષ (અ.લ.ઈ.) : મેષ રાશીના જાતકો માટે ગોચરનો રાહુ બારમાં સ્થાનેથી પસાર થશે જેથી માનસીક પીડા આપે, દેવુ કરવું નહી, ખોટી દોડધામ કરાવે. શિવ ઉપાસના કરવી.

વૃષભ (બ.વ.ઉ.) : વૃષભ રાશીના જાતકો માટે મીનનો રાહુ લાભ સ્થાનમાંથી પસાર થશે જે આર્થિક આવકમાં વધારો થાય પહેલા કરતા શાંતિનો અનુભવ થાય.

મિથુન (ક.છ.ધ.) : મિથુન રાશીનાં લોકોને મીનનો રાહુ કર્મ ભુવનમાંથી પસાર થશે વ્યાપાર ધંધામાં ખ્યાલ રાખવો. સાવચેતી પૂર્વક વ્યાપાર કરવાથી આગળ વધી શકાય પિતાની તબીયતનો ખ્યાલ રાખવો.

કર્ક (ડ.હ.) : કર્ક રાશીના જાતકોને મીનનો રાહુ ભાગ્ય ભુવનમાંથી પસાર થશે, વિદેશ યાત્રાનાં યોગ બને, ધર્મયાત્રા યોગ બને, એકંદરે મધ્યમ ફળ આપે પુજા પાઠમાં સમય આપવો. શાંતી રહેશે

સિંહ (મ.ટ.) : સિંહ રાશીના જાતકોને મીનનો રાહુ આઠમા સ્થાનેથી પસાર થશે, વારસાકીય પ્રશ્નો ઉદભવે અચાનક લાભ મળવાના યોગ પણ ખરા. ટુંકી બિમારીઓથી સાવચેત રહેવું.

કન્યા (પ.ઠ.ણ.) : કન્યા રાશીના જાતકોને મીનનો રાહુ સાતમા સ્થાનમાંથી પસાર થાય, વિવાહ જીવન શાંતિપૂર્વક વિતાવુ, માનસીક શાંતિ જાળવી ગુસ્સા પર કાબુ રાખવો, ભાગીદારીના ધંધામાં ખ્યાલ રાખવો.

તુલા (ર.ત.) : તુલા રાશીના જાતકોને મીન રાશીનો રાહુ છઠા સ્થાનમાંથી પસાર થાય. રોગ, શત્રુ ઓછા કરે, નોકરીમાં લાભ આપે.

વૃશ્ચિક (ન.ય.) : વૃશ્ચિક રાશીના જાતકોને મીનનો રાહુ પાંચમા સ્થાનમાંથી પસાર થાય શેર શટ્ટાથી દુર રહેવું સંતાન ઉપર પુરતુ ધ્યાન આપવું.

ધન (ભ.ફ.ધ.) : ધન રાશીના જાતકોને મીનનો રાહુ ચોથા સ્થાનમાંથી પસાર થાય. વાહન ધીમે ચલાવુ, અકસ્માતનો યોગ બને સાવચેત રહેવું. જમીન મકાનના કામકાજમાં સાવચેત રહેવુ, જમીન મકાનની ખરીદી જોઈ વિચારી કરવી.

મકર (ખ.જ.) : મકર રાશીનાં જાતકોને મીનનો રાહુ ઉજા સ્થાનમાંથી પસાર થાય, મહેનતું ફળ સારૂ મળે નાના ભાઈ-બહેનો સાથે સંપીને રહેવું, અભિમાન કરવું નહી.

કુંભ (ગ.શ.સ.) : કુંભ રાશીના જાતકોને મીનનો રાહુ બીજા સ્થાનમાંથી પસાર થશે. બેંક બેલેન્સ જાળવી રાખવું, કુટુંબનાં સભ્યો સાથે હળીમળીને રહેવું, બોલીમાં ખ્યાલ રાખવો.

મીન (દ.ચ.ઝ.થ.) : મીન રાશીના જાતકોને રાહુ દેહ ભુવનમાંથી પસાર થશે. આરોગ્યનું ધ્યાન રાખવું, વિચારવાયુ થઈ શકે છે, ખ્યાલ રાખવો, માન પ્રતિષ્ઠાને હાની પહોંચી શકે છે.

- શાસ્ત્રી રાજદીપ જોષી

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાતાવરણ પલટાયું કલ્યાણપુર પંથકમાં કમોસમી માવઠું

(કુંજન રાડિયા દ્વારા)




જામ ખંભાળિયા તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દિવસ ઝાંકળ અને ગરમી-ઠંડીના મિશ્ર માહોલ વચ્ચે શનિવારે જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. શનિવારે બપોરે કલ્યાણપુર તાલુકામાં વરસાદી માહોલ છવાયા બાદ એકાએક જુદા જુદા ગામોમાં કમોસમી વરસાદ ખાબક્યો હતો. કલ્યાણપુર તાલુકાના ટંકારીયા, દેવળીયા, ચાચલાણા સહિતના જુદા જુદા ગામોમાં હળવા તથા ભારે વરસાદી ઝાપટા વરસ્યા હતા. આ કમોસમી વરસાદના પગલે માર્ગો ઉપર પાણી ચાલી નીકળ્યા હતા. સાથે-સાથે ખેતરોમાં પણ પાણી ભરાતા અનેક ખેડૂતોને પોતાની ખેત ઉપજમાં નુકસાની થવા પામી હતી. બપોરે બે થી ચાર વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કલ્યાણપુર તાલુકામાં ૪૦ મીલીમીટર (દોઢ ઈંચ) જેટલો વરસાદ વરસી ગયાનું સરકારી ચોપડે નોંધાયું છે. આમ, કમોસમી માવઠાના પગલે કેટલાક ખેડૂતોને મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયા જેવી પરિસ્થિતિ પણ સર્જાઈ હતી.

# શરદ પૂનમની રાત્રિના રોજ રઘુવંશી યુવા ગ્રુપ દ્વારા રાસોત્સવનો ખોડલધામ ખાતે કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૩૦

ઉનામાં ખોડલધામ ખાતે રઘુવંશી યુવા ગ્રુપ દ્વારા સમસ્ત લોહાણા સમાજનું સરદ પૂનમની રાત્રિના ભવ્ય રાસોત્સવનું આયોજન કરેલ હતું. એવામાં યુવા ગ્રુપ દ્વારા રઘુવંશી સમાજનું ગૌરવ એવા હમણાં જ ઉનામાં પ્રો. પીરીયડ તરીકે નિમણુંક થયેલ એવા ડીવાયએસપી તરીકે મુકાયેલ વિષમય માનસેતા તથા ઉના નટરાજ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા ડો. મનોજ માનસેતા અને ડો. કૃપા ઉનડકટ કે જે હમણાજ મહેતા હોસ્પિટલ ખાતે નિમણુંક થયેલ જેવોનું રઘુવંશી સમાજએ સાલ તથા જલારામ બાપાની છબ્બી આપી અને સન્માન કરેલ અને રાસોત્સવની મોજ માણેલ હતી.

# મુખ્યમંત્રી અને ઉર્જામંત્રીનો ભવ્યાતિભવ્ય ઋણ સ્વીકાર અને અભિવાદન સમારોહ ત્રિ-મંદિર, અડાલજ ખાતે યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યની પ્રજાની સુખાકારી અને જનહિતમાં લેવામાં આવેલ અડગ નિર્ણયો અને ઊર્જાક્ષેત્રના કર્મચારીઓ અને અધિકારીઓના હિતમાં લેવામાં આવેલ. નીતિ વિષયક અને અનેક સંવેદનશીલ નિર્ણયોથી પ્રેરિત થઈને ગુજરાત રાજયના ઊર્જા વિભાગની સાતેય કંપનીમાં માન્યતા ધરાવતા અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ જેના કુલ ૩૫૦૦૦ થી વધુ સભ્યો તથા જીઈબી એન્જીનીયર એશોસીએશન જેના કુલ ૬૦૦૦ સભ્યો બંને યુનિયન/એસોસિએશન દ્વારા બનાવેલ ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ તરફથી ઊર્જા વિભાગના કર્મચારીઓ/અધિકારીઓના લાભો હક્કો અને હિતો જેવા કે સાતમાં પગારપંચ મુજબ બેઝિકમાં સુધારો કરી તેની અમલવારીથી એરિયર્સ, સાતમા પગારપંચના બાકી રહેલ એલાઉન્સનું એરિયર્સ, વિદ્યુત સહાયક કેડરનો સમયગાળો પાંચ વર્ષથી ઘટાડી ત્રણ/બે વર્ષ ઈન્ટર કંપની મ્યુચ્યુઅલ અને રિકવેસ્ટ ટ્રાન્સફર પોલિસીથી વતનમાં બદલીનો લાભ, કંપનીમાં ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીશ્રીઓ તથા તેમના આશ્રિત માટે મેડિકલ પોલિસીમાં સુધારો અને જેટકોમાં કામના ભારણ મુજબ સ્ટાફ સેટઅપ મંજૂર કરી નવી જગ્યાઓનું સર્જન કરી નવી ભરતી જેવા અનેક કર્મચારી અને અધિકારીના હિતોમાં નિર્ણય લેવામાં આવેલ હોય ત્યારે ઊર્જા વિભાગના સૌથી મોટા યુનિયન અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ અને જીઈબી એન્જીનીયર એશોસીએશનની પણ સરકારની અભિવાદન અને ઋણ ચૂકવાની નૈતિક ફરજ બનતી હોય બંને યુનિયન/એસોસિએશન દ્વારા સંકલન સમિતિના અધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયા અને બંને યુનિયન/એસોસિએશનના પ્રમુખઓની હાજરીમાં ગુજરાતનાં આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા નાણાં અને ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈનો આશરે ૧૧૦૦૦ થી વધુ કર્મચારીઓ/અધિકારીઓની હાજરીમાં તા.૨૮/૧૦/૨૦૨૩ના શનિવારના રોજ અડાલજ ખાતે આવેલ દાદા ભગવાન, ત્રિમંદિર, અડાલજ ખાતે ઋણ સ્વીકાર અને અભિવાદન કાર્યક્રમ યોજાયો. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રી-ગુજરાત, ઉદઘાટક તરીકેશ્રી કનુભાઈ દેસાઈ, મંત્રી નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ-ગુજરાત અને અતિથિ વિશેષ તરીકે વાસણભાઈ આહીર, સીનીયર કાર્યકારી પ્રમુખ-એજીવીકેએસ, મમતા વર્મા (આઈ.એ.એસ.), પ્રિન્સિપાલ સેક્રેટરી-ઊર્જા & પેટ્રોકેમિકલ્સ વિભાગ, જયપ્રકાશ શિવહરે (આઈ.એ.એસ.), મેનેજિંગ ડિરેકટર- જીયુવીએનએલ, કેતનભાઈ ઈનામદાર, કાર્યકારી પ્રમુખ-એજીવીકેએસ અને મનુભાઈ પટેલ, કાર્યકારી પ્રમુખ-એજીવીકેએસ તેમજ ગોરધનભાઈ ઝડફિયા, અધ્યક્ષ-ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ અને ભરતભાઈ પંડ્યા, પ્રમુખ-એજીવીકેએસ તેમજ અરૂણકુમાર મહેશબાબુ, મેનેજીંગ ડિરેકટર, યુજીવીસીએલ, તેજસ પરમાર, ડાયરેકટર (એડમીન.) અને મેનેજીંગ ડિરેકટર-એમજીવીસીએલ, મહેશ જે.દવે, મેનેજીંગ ડિરેકટર-પીજીવીસીએલ, યોગેશ ચૌધરી, મેનેજીંગ ડિરેકટર ડીજીવીસીએલ, સોમેશ બંદોપાધ્યાય, મેનેજીંગ ડિરેક્ટર જીએસઈસીએલ તથા તમામ કંપનીના ટેકનિકલ, એચ.આર. અને ફાયનાન્સ વિભાગના વડાઓ તથા વિશેષ મુખ્ય ઈજનેરો અને અધિક્ષક ઈજનેરો, નિવૃત અધિકારીઓ અને ડેપ્યુટી જનરલ મેનેજરો સાથે સાથે એજીવીકેએસના સુપર પાવર વર્કિંગ કમિટીના સભ્યો/હોદ્દેદારો અને જીબીઆના કોર કમિટી અને સી.એમ.સી.ના સભ્યો/હોદ્દેદારો હાજર રહેલ અને સદર પ્રોગ્રામ સફળતાપૂર્વક યોજાયો.

# જીલ્લા હાથશાળ એક્સપો ‘તાણા વાણા’ મહોત્સવનો પ્રારંભ





અમદાવાદ, તા.૩૦

ભારતના સમૃદ્ધ હાથશાળ વારસાનો એક અસાધારણ ઉત્સવ “તાણા વાણા” જિલ્લા હાથશાળ એક્સપો, ખાદી મહોત્સવ ભવ્યતાની સાથે, ૨૭ ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર સુધી ભુજ હાટ, મુન્દ્રા રોડમાં આયોજિત કરવામાં આવ્યો છે. આ ઉલ્લેખનિય આયોજન હાથશાળ ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા, વણકરો અને કારીગરોને પ્રોત્સાહિત કરવા અને તેમના ઉત્પાદનોને વેચવા માટે એક મંચ આપવાની કાપડ મંત્રાલયની કટિબદ્ધતાનું પ્રમાણ છે. જિલ્લા હાથશાળ એક્સપો “તાણા વાણા” કાપડ મંત્રાલય, ભારત સરકારની એક પહેલ છે, જે ડેવલપમેન્ટ કમિશ્નર (હાથશાળ), નવી દિલ્લીની કચેરી દ્વારા પ્રાયોજિત છે અને વણકર સેવા કેન્દ્ર, અમદાવાદ દ્વારા આયોજિત કરવામાં આવે છે. આ આયોજન એક એવું મંચ છે જે વણકરો અને કારીગરોને સશક્ત બનાવે છે, અને આ ભારતની સમૃદ્ધ હાથશાળ પરંપરાનો ઉત્સવ છે. “તાણા વાણા” જિલ્લા હાથશાળ એક્સપોનું ભવ્ય ઉદઘાટન મુખ્ય મહેમાન કચ્છ વણકર સંઘના અધ્યક્ષ શ્રી બેચર લાલ ખીમજી વણકરની ઉપસ્થિતિમાં થયું. તેમની ભાગીદારી હાથશાળ સમાજ માટે આ આયોજનના મહત્વને દર્શાવે છે. ઉદઘાટન સમારંભમાં અન્ય જાણીતી વ્યક્તિઓ ગાબુભાઈ વણકર (રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા), વિજય ગૌતમ (આસિસ્ટન્ટ મેનેજર એનએચડીસી), દિનેશ ભરવાડ – ગરવી ગુર્જરી અને ઈન્ડેક્ષ-સી થી હર્ષદભાઈ ઉપસ્થિત હતા. પવન કુમાર ગુપ્તા, સહાયક નિદેશક અને કચેરી પ્રમુખ, વણકર સેવા અમદાવાદ એ તમામ મહેમાનોનું સ્વાગત કર્યું અને તેમની ઉપસ્થિતિ અને દેખરેખમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# વૈષ્ણવ હોય ત્યાં જાવું

માનવી ઉપર પરિસ્થિતિની અસર થાય છે અને જો આ પરિસ્થિતિ જીવંત હોય તો એની અસર સચોટ, સબળ તથા દીર્ઘકાલીન બની શકે. નકારાત્મક પરિસ્થિતિથી દૂર રહેવું જ ઈચ્છનીય છે. બે વિકલ્પો છે, નકારાત્મકતાથી દૂર રહેવું કે હકારાત્મકતાનું સામીપ્ય રાખવું.

સંસારમાં શું ખરાબ છે તે જોવા કરતાં અહીં શુભ શું છે તે જોવું ઈચ્છનીય છે. ખરાબ બાબતોને ગોતવામાં આપણું ધ્યાન તે બાબતો પ્રત્યે વધારે જાય છે. તેનાથી ક્યાંક ઉદ્વેગ પણ થાય - કે નિરાશા પણ સાંપડે. નકારાત્મક બાબતોથી આપણે દૂર ત્યારે જ રહી શકીએ કે જ્યારે તે આપણા ધ્યાનમાં ન આવે અને તેને ધ્યાનમાં ન લાવવા માટે આપણે સભાનતાપૂર્વક પ્રયત્ન કરવા પડે. નકારાત્મકતાથી દૂર રહેવા તેને ગોતવાનીઆ પ્રક્રિયા લાંબે ગાળે આપણા માટે જ નકારાત્મક બની રહે. ઈચ્છનીય એ ગણાય કે સકારાત્મકતા ગોતતા ગોતતા આપણને વિવિધ પ્રકારની સકારાત્મકતાની જાણ થાય અને તેનાથી તે પ્રત્યે આપણો લગાવ વધે. દુર્જન ક્યાં છે તે શોધી તેનાથી દૂર રહેવા કરતાં સજ્જન ક્યાં છે - વૈષ્ણવ ક્યાં છે તે શોધી તેના સાનિધ્યમાં જવું વધુ હિતકારી છે.

તેનાથી વિપરીત જો આપણે નકારાત્મકતાથી દૂર જવાનો પ્રયત્ન કરીએ તો પણ સૂક્ષ્મપણે આપણું મનતો તેની જ શોધમાં હોય. તે કેવા કેવા સંજોગોમાં ક્યાં ક્યાં વિકસે, ક્યાં હોવાની તેની સંભાવના હોઈ શકે, તેની ઓળખ કેવી રીતના બંધાય - આ બધી બાબતો પર વિચાર કરવાથી અજાણતામાં પણ અહિતકારી બાબતો અંતઃકરણમાં સમાતી જાય. રાવણ પ્રત્યે ઘૃણા કરી રામનું ચિંતન કરવું યોગ્ય નથી. રામનું ચિંતન કરવા માટે હનુમાનજીની શોધ અને તે માટેનો લગાવ સર્વથા વધુ યોગ્ય છે. અહિંસાની સમજ હિંસા થકી ન બંધાવી જોઈએ. સુગંધ અને પામવા દુર્ગંધનો વિચાર પણ ક્યાંથી આવી શકે. વિષ્ણુને પામવા હોય તો વિષ્ણુદ્વેષી તરફ ન જઈ વૈષ્ણવ તરફ જવું જોઈએ.

સાધનની શુદ્ધતા જરૂરી છે. આપણો માર્ગ પણ સરળની સાથે સ્વચ્છ હોવો જોઈએ. શુભ કાર્યની પૂર્તતા માટે જે જે ક્રિયાઓ અપનાવવામાં આવે તેમાં પણ સાત્વિકતા અને નિર્મળતા જરૂરી છે. જે જે ઉપકરણો ઉપયોગમાં લેવાય તે પણ અણીશુદ્ધ હોવા જોઈએ. આ બધું વિષ્ણુદ્વેષી તરફના ચિંતનથી ન મળે. આ માટે તો જ્યાં વૈષ્ણવજન રહેતા હોય ત્યાં જવું પડે. જ્યાં સત્સંગ ચાલતો હોય, જ્યાં સંત લોકો આધ્યાત્મની ચર્ચા કરતા હોય કે આધ્યાત્મને જીવતા હોય, જ્યાં સદગુરૂનો વાસ હોય, જ્યાં સદાય ભજન-કીર્તન થતા હોય અને ભક્તિમાં તરબોળ થયેલા લોકો સદાય ભક્તિ- ઉત્સવ મનાવતા હોય ત્યાં જવાથી આધ્યાત્મિક હેતુ સરળતાથી સિદ્ધ થાય.

આવી જગ્યાનો માહોલ જ અપાર સકારાત્મક ઉર્જાથી ભરેલો હોય, એક પ્રકારની સાત્વિકતા અહીં પ્રવર્તતી હોય, અહીં કોઈનાય મનમાં ક્યાંય જરાક માત્ર પણ ઉદ્વેગ એ અન્ય પ્રકારનો નકારાત્મક ભાવ ન હોય, જ્યાં મા ગંગા સ્વયં પવિત્રતાનો પ્રવાહ વહાવતી હોય તેવી પ્રતીતિ થતી હોય, કોઈને કોઈ સ્વરૂપે તો સ્વયં ઈશ્વર કે તેનો કોઈ અંશ અહીં ચોક્કસ હાજર હશે તેવી જ્યાં શ્રદ્ધા બંધાતી હોય - તેવા સ્થાને જવું એ માનવ માટે માત્ર લાભદાય નથી પણ તે તેનો અધિકાર પણ છે. વૈષ્ણવજન પ્રત્યેના પ્રત્યેક ડગલાથી વ્યક્તિ ભવોભવના બંધનની એક એક ગાંઠ ખુલતી હોય છે એમ કહી શકાય. જીવનનો માર્ગ વૈષ્ણવ તરફનો જ હોવો જોઈએ.

- હેમુ ભીખુ

# દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ટીબી દર્દીઓ માટે નયારા એનર્જીનો ન્યુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

ઈન્ટરનેશનલ ડાઉનસ્ટ્રીમ એનર્જી કંપની નયારા એનર્જીની ન્યુટ્રિશન સપોર્ટ પહેલને કારણે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ટીબી દર્દીઓને મોટો લાભ થયો છે.

વર્ષ ૨૦૧૮ માં નયારા એનર્જીએ રાષ્ટ્રીય ક્ષય નાબૂદી કાર્યક્રમ હેઠળ ગુજરાત સરકારના સહયોગથી ન્યુટ્રિશન સપોર્ટ ઈનિશિયેટિવની શરૂઆત કરી હતી. ભારતમાં ટીબીના દર્દીઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારો જેવા કે નિદાન અને સારવાર શરૂ કરવામાં થતા વિલંબ વિગેરેને ઓળખી લઈ નયારા એનર્જીએ તેમની પુનઃપ્રાપ્તિની સુવિધામાં પોષણની મહત્વપૂર્ણ ભૂમિકા સમજી હતી.

આ પહેલનો પ્રાથમિક ઉદ્દેશ્ય પુનઃપ્રાપ્તિ પ્રક્રિયામાં મદદ કરવાનો અને રોગને થતો અટકાવવા અથવા તેના ફેલાવાને રોકવાનો હતો. આ પહેલ ટીબી દર્દીઓ, ખાસ કરીને ઓછી આવક ધરાવતા પરિવારોનાં દર્દીઓની રિકવરીમાં પોષણનાં મહત્વને સમજે છે કારણ કે અપૂરતો આહાર અને જીવનની સ્થિતિ દર્દીઓ અને ડોકટર્સ બંનેનાં પડકારોને વધારી દે છે. આ પહેલ હેઠળ નયરા એનર્જીએ ટીબી દર્દીઓ અને તેમનાં પરિવારજનોની ચોક્કસ પોષણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે સરકારની મંજૂરી પ્રાપ્ત પોષણશાસ્ત્રીઓનાં માર્ગદર્શન સાથે કાળજીપૂર્વક ન્યુટ્રીશન કિટ તૈયાર કરવામાં આવી હતી.

આ ન્યુટ્રીશન કિટ ચોખા, વિવિધ અનાજનો લોટ, વટાણા, ચણા, દાળ, મગફળીનું તેલ, ઓર્ગેનિક ગોળ અને અન્ય જરૂરી ચીજોનો સમાવેશ થાય છે. આ કિટનો મુખ્ય હેતુ ટીબી, ગરીબી અને કુપોષણ વચ્ચેનાં પરસ્પર સંબંધોને તોડવાનો છે. પોષ્ટિક તત્વોથી ભરપૂર અને વધુ કેલરી ધરાવતા અનાજની વૈવિધ્યસભર રેન્જ ઓફર કરીને આ હાંસલ કરી શકાય છે. આરોગ્ય પર અસર સુધારવા અને ટીબી તથા ગરીબી સાથે સંકળાયેલા કુપોષણનાં ચક્રને તોડવા માટે આ કિટ તૈયાર કરવામાં આવી છે.




પહેલની સફળતા અને તેને મળેલી પ્રશંસા અંગે ટિપ્પણી કરતા નયારા એનર્જીના પ્રેસિડન્ટ (પબ્લિક અફેર્સ) દીપક અરોરાએ જણાવ્યું હતું કે, “આ ફ્લેગશિપ સ્કીમ અમે જે સમુદાય સાથે કામ કરીએ છીએ તેઓની સુખાકારી સુનિશ્ચિત કરવા અમારી મુખ્ય પ્રતિબદ્ધતાનો હિસ્સો છે. બંને જિલ્લાઓમાં અસરગ્રસ્ત દર્દીઓનાં જીવન પર પડતી સકારાત્મક અસર અમને વધુ પ્રયત્ન કરવા પ્રોત્સાહિત કરે છે અને તે નયારાની ચોકસાઈપૂર્વકની પ્રોગ્રામ ડિઝાઈન, સુનિયોજીત અમલીકરણ, કરૂણાપૂર્ણ અભિગમ અને જોડાણની અસરકારકતાનું પ્રતિબિંબ છે.”

આ પહેલ જિલ્લામાં ટીબી દર્દીની રિકવરીનાં પ્રયત્નોને ટેકો આપે છે. તેણે આશાસ્પદ પરિણામો આપ્યા છે. દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ૮૭ ટકા ટીબી દર્દીઓનાં વજનમાં વધારો થયો છે અને તેઓ ઝડપથી સાજા થયા છે. આ સુધારો પોષણને ટેકો, સાતત્યપૂર્ણ માર્ગદર્શન, પ્રગતિ પર દેખરેખ અને મેડિકલ કાળજીને આભારી છે. આવા દર્દીઓ ફરી બિમાર ન પડતા હોવાથી પોતાનાં સામાન્ય જીવન તરફ પાછા વળી શકે છે અને એ રીતે આ રોગમાંથી મુક્તિ મેળવીને સશક્ત બને છે.

નયારા એનર્જીનાં ટીબી ન્યુટ્રીશન કાર્યક્રમની આકર્ષક સિધ્ધિઓ માટે ભારે પ્રશંસા થઈ છે. કંપની સામુદાયિક પરિવર્તનમાં મહત્વની ભૂમિકા ભજવવા સમર્પિત છે અને તમામને ટીબીમાંથી મુક્ત કરીને તંદુરસ્ત ભાવિનાં નિર્માણ માટે પ્રયત્નશીલ છે. કેમ વધુમાં જણાવ્યું હતું.

# સરદાર વલ્લભભાઈ પટેલ



ગુજરાતના બે સપૂત ગાંધીજી અને સરદાર પટેલની જન્મજયંતી આ માસમાં આપણે દિલથી ઉજવી ખરી ? બંનેએ અભયને જીવનનો મંત્ર બનાવ્યો હતો. એકે માનવતાના પૂજારી તરીકે ઉમદા કાર્ય કરી વિશ્વમાનવી, વિશ્વવંદ્ય વિભૂતિ તરીકેની ઊંચાઈ હાંસલ કરી. તેમણે દેશને સ્વરાજય અપાવ્યું. બીજા લોખંડી નરે રાષ્ટ્રના તાણાવાણાને કોઠાસૂઝથી સાંકળી અખંડ ભારતનું સ્વપ્ન સાકાર કરી બતાવ્યું. આ બંને નેતાઓ આપણા રોલ-મોડેલ બની શકે. જે પ્રજા પોતાના વીરપુરુષોને ભૂલી જાય છે તે પ્રજા માયકાંગલી કે નિર્વીર્યબની રહે છે. જે પ્રજાને પોતાનો ઈતિહાસ યાદ નથી રહેતો તે દેશની ભૂગોળ પણ વખત જતાં બદલાઈ જાય છે.

ભારતના બિસ્માર્ક અને ‘લોખંડી પુરૂષ’ જેવા બિરૂદો વડે બિરદાવાયેલા, ભારતની સ્વતંત્ર્યસાધનામાં ગાંધીજી પછી અગ્રણીઓમાં અગ્રણી, ગુજરાતના ખેડૂતસમાજના મોભી અને માર્ગદર્શક, સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ભારતમાં ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિ અને વિષમ સંજોગો સામે ખૂબ હિંમત અને કુનેહથી કામ લઈને ભારતની અખંડિતતાને જાળવી રાખનાર ગુર્જરરત્ન સરદાર વલ્લભભાઈ પટેલના વજ્ર જેવા કઠણ હૈયામાં ફુલ જેવું કોમળ દિલ પણ હતું. એક જમાનામાં ગાંધીજીના કાર્યની ટિખળવૃત્તિથી ટીકા કરનારા આ યુવાન બેરિસ્ટર, ગાંધીજીના રંગે-સંગે રંગાઈ- રસાઈને એટલી હદ સુધી ગાંધીવિચારસરણીના ચાહક - હિમાયતી બની ગયા કે ખુદ ગાંધીજીને ઘણીવાર એમ કહેવું પડતું કે - ‘મારા કરતાં વલ્લભભાઈ આ બાબતમાં સાચો રાહ ચીંધી શકશે.’ ધન્ય છે ગુર્જર માતાના એ પોતાના પુત્રને. ઈ.સ.૧૮૭૫માં ૩૧ ઓકટોબરે ખેડા જિલ્લાના કરમસદમાં જન્મ. ઈ.સ. ૧૯૦૦ માં ગોધરામાં વકીલ થઈને અને બોરસદ તથા આણંદમાં વકીલાત કરીને સારી નામના મેળવી. ઈ.સ. ૧૯૧૦માં ઈંગ્લેન્ડ જઈ, પહેલાં નંબરે પાસ થઈ બેરિસ્ટર બન્યા. ઈ.સ. ૧૯૧૪માં અમદાવાદમાં વકીલાત આદરી. ઈ.સ. ૧૯૧૫માં અમદાવાદમાં મ્યુનિસિપાલિટીમાં ચૂંટાયા ને ૧૯૧૬માં ગાંધીજીના પરિચયમાં આવી બીજે વર્ષે ખેડા સત્યાગ્રહમાં ભાગ લીધો. તે પછી ૧૯૨૨માં બોરસદના અને ૧૯૨૩માં નાગપુરના ઝંડા સત્યાગ્રહની આગેવાની લીધી, ૧૯૨૪ થી ૧૯૨૮ સુધી અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ રહ્યા. ૧૯૨૮માં બારડોલીની લડતમાં વિજયી બની ‘સરદાર’ બન્યા. ૧૯૩૧ની કરાંચી કોંગ્રેસના પ્રમુખ અને ૧૯૩૫માં પાર્લામેન્ટરી બોર્ડના પ્રમુખ ચૂંટાયા. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થતાં નાયબ વડાપ્રધાન બન્યા. ઈ.સ. ૧૯૫૦ની પંદરમી ડિસેમ્બરે તેમનું અવસાન થયું.

ગાંધીજીના ચુસ્ત અનુયાયી અને નખશિખ સ્વદેશભકત સરદાર વલ્લભભાઈએ ૧૯૧૬ થી ૧૯૫૦ સુધીના ૩૪ વર્ષના જાહેરજીવનમાં ગુજરાત માટે અને ભારત માટે જે જે કર્યું છે તેની વિગતો તો પાનાંના પાનાં ભરાય એટલી લાંબી છે, પરંતુ એ બધામાં શિરમોર સમી જો કોઈ સિદ્ધિ હોય તો તે છે કે દેશી રાજ્યોનું વિલિનીકરણ ! જે મુત્સદીગીરી, કુનેહ, દ્રઢતા અનેસૂઝસમથી તેમણે ભારતના રાજવીઓને ભારતસંઘમાં જોડાઈ જવા સમજાવ્યા અને જે ન માન્યા તેમની સામે મકકમ પગલાં ભર્યાં તેનાથી આખી દુનિયામાં એમની કીર્તિ પ્રસરી ગઈ. અખંડ ભારતનું સર્જન કરવાના તેમના આ અનન્ય અને અદ્વિતીય પ્રદાન માટે ભારત સદા તેમને ઋણી રહેશે.

સાહિત્યકાર કનૈયાલાલ મુનશીએ તા. ૨૧-૧૨-૧૯૫૦ના રોજ પોતાના પ્રવચનમાં સરદાર સાહેબને અંજલિ આપતા કહેલું કે- “નીડર, સ્પષ્ટવકતા, કોઈ પણ જાતની શેહશરમમાં આવ્યા વિના રાષ્ટ્રનો દ્રોહ કરનારાની હિંમતભેર ખબર લઈ નાખનારા, અંગત સ્વાર્થરહિત નિરપેક્ષભાવે જનતા-જનાર્દન અને રાષ્ટ્રની સેવા પાછળ પોતાની તમામ શકિત ખર્ચનાર સરદાર સાહેબે જૂનાગઢ-હૈદ્રાબાદમાં ભજવેલા ભાગે રાષ્ટ્રીય એકતામાં મૂલ્યવાન ફાળો આપ્યો છે. રાષ્ટ્રવિરોધી બળોને દેશ પર કાબૂ મેળવવામાં અશકત બનાવી દઈને, દેશમાં કાયદો અને વ્યવસ્થા સ્થાપવા સારુ તેમણે છેલ્લા દોઢ વર્ષ સુધી કરેલી તનતોડ મહેનત માટે ભારત સદીઓ સુધી એમનું ઋણી રહેશે.

જૂનાગઢ-હૈદ્રાબાદ માટે સરદારશ્રીએ જે કર્યું તે માટે તો આપણે તેના ઋણી છીએ જ પરંતુ ગુજરાત હજી એક બાબત માટે હંમેશા સરદારશ્રીનું ઋણી રહેશે.તે છે. જ્યોર્તિલિંગ સોમનાથનો પુનરૂદ્ધાર. આપણી સંસ્કૃતિના પુરાતન માનબિંદુ સમું સોમનાથ મંદિર ખંડિયેર હાલતમાં વર્ષોથી પડયું હતું, સરદારે મંદિરની દુર્દશા જોઈ અને સોમનાથ મંદિરનો પુનરૂદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પના ફળસ્વરૂપે આજે સોમનાથ મહાદેવનું ભવ્ય, વિશાળ મંદિર ચોમેર કીર્તિ ફેલાવતું ઊભું છે.

વધુમાં જેમ મુશ્કેલ સમયમાં સંતાનને પિતાનું સ્મરણ થાય તેમ પોતાના કપરા સમયમાં ભારતની જનતાને સરકારનું સ્મરણ અચૂક થશે જ ! આ મહાપુરૂષની જન્મજયંતી આપણા સૌ માટે અનોખો પ્રેરણાદિન અને ગૌરવદિન બની રહે.

સરદાર વલ્લભભાઈ પટેલને ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા વિશેષ રીતે યાદ કરવામાં આવ્યા છે. દેશના લોખંડી પુરૂષની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા **Statue of Unitiy"**નું ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ લોકાર્પણ દેશના ગૌરવવંતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે થયું છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા કે જે **Statue of Liberty** કરતાં બમણી ઊંચાઈવાળી છે તે દેશના સ્વાભિમાનનું પ્રતિક બની ગઈ છે.

- સંકલન : સરસ્વતી સ્કુલ- જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# રાજ્ય સરકારો દ્વારા ચલાવવામાં આવતી જાહેરાતોની સુપ્રિમ કોર્ટે નોંધ લીધી

સુપ્રીમ કોર્ટે વિભિન્ન રાજ્ય સરકારો દ્વારા ચલાવવામાં આવતી લોભામણી જાહેરાતોની જાતે નોંધ લીધી અને મધ્ય પ્રદેશ, રાજસ્થાન સરકારની સાથે કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ અને રિઝર્વ બેંકને પણ નોટિસ પાઠવી છે. મધ્ય પ્રદેશ અને રાજસ્થાન સરકારને નોટિસ આપવાનું કારણ એ છે કે ચૂંટણી નજીક આવતાં જોઈને આ રાજ્યોની સરકારો લોકરંજક જાહેરાતો કરવામાં મચી પડી છે. કંઇક આવું જ કામ વિધાનસભા ચૂંટણીવાળાં અન્ય રાજ્યોમાં પણ થઈ રહ્યું છે. તેને લઈને દાખલ કરાયેલી જનહિત અરજીમાં એ યોગ્ય જ કહેવાયું છે કે રાજ્ય સરકારો પોતાના અંતિમ વર્ષમાં લોકરંજક જાહેરાતોની લાઈન લગાવી દે છે એ એવું કરતી વખતે તેઓ એ ધ્યાન નથી રાખતી કે તેમની આર્થિક સ્થિતિ એ વાયદા પૂરા કરવાની અનુમતિ આપે છે કે નહીં? ચૂંટણી જીતવા માટે લોકરંજક જાહેરાતો માત્ર સત્તારૂઢ પક્ષો જ નથી કરતા. વિપક્ષી દળો પણ એવું જ કરે છે. તેઓ એ જણાવવાનો ઇનકાર કરે છે કે ઘોષણા પત્રો દ્વારા જનતાને લલચાવવા માટે જે વાયદા કરવામાં આવે છે,તેને પૂરા કેવી રીતે કરવામાં આવશે? પરિણામ એ આવે છે કે એવા પક્ષો જ્યારે પણ સત્તામાં આવે છે તો નાણાંની અછતનાં રોદણાં રડવા લાગે છે કે પછી પોતાની ઘોષણાઓને અધકચરી રીતે પૂરી કરવાની કોશિશ કરે છે. તેનું ઉદાહરણ છે કર્ણાટક, જ્યાં કોંગ્રેસ લોકરંજક વાયદાના કારણે સત્તામાં તો આવી ગઈ, પરંતુ હવે તેને વિકાસ કાર્યોને આગળ વધારવામાં મુશ્કેલી પડી રહી છે. આ જ પ્રકારની સમસ્યાનો સામનો એ દરેક રાજ્ય સરકારોએ કરવો પડી રહ્યો છે જેમણે વિચાર્યા વિના જ રેવડીઓ વહેંચી હતી.

ભારત જેવા દેશમાં કરોડો લોકોને ગરીબીથી ઉગારવાના હોય ત્યાં જન કલ્યાણની યોજનાઓ તો ચલાવવી જ પડશે, પરંતુ જન કલ્યાણનાં કામ કરવામાં અને રેવડીઓ વહેંચવામાં અંતર હોય છે. આ અંતરને સમજવાને બદલે રેવડી સંસ્કૃતિને અપનાવવામાં આવી રહી છે. જ્યારે એક પક્ષ એવું કરે છે તો બીજો પણ એવું જ કરવા માટે મજબૂર થઈ જાય છે. હવે તો આર્થિક નિયમોની અવગણના કરીને લોકરંજક વાયદા કરાઈ રહ્યા છે. ગરીબ લોકોનું ઉત્થાન તો ત્યારે જ કરી શકાય, જ્યારે રાજ્ય આર્થિક રૂપે સક્ષમ હશે. રાજકીય પક્ષોએ એ સમજવું પડશે કે આર્થિક સક્ષમતા નાણાંકીય નિયમોની ઉપેક્ષા કરીને પ્રાપ્ત નહીં કરી શકાતી. જો રાજ્ય સરકારો આર્થિક રૂપે સક્ષમ નહીં બને તો તેઓ ના તો લોકરંજક વાયદા પૂરા કરી શકશે કે ના વિકાસના કામોને આગળ વધારી શકશે. મુશ્કેલી એ છે કે કમજોર આર્થિક સ્થિતિવાળાં રાજ્યોમાં પણ રાજકીય પક્ષો રેવડી સંસ્કૃતિ અપનાવી રહ્યા છે. આ સંસ્કૃતિ રાજ્યો અને અંતે દેશની અર્થવ્યવસ્થા પર ખરાબ અસર જ કરશે. સુપ્રીમ કોર્ટે એવી વ્યવસ્થા બનાવવી જોઈએ, જેનાથી રાજકીય પક્ષો અર્થવ્યવસ્થાનાં વ્હાણ ડૂબાડનાર આવા વાયદા કરવાથી બચે.

# વડાપ્રધાન મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે



ગાંધીનગર તા. ૩૦

સરદાર પટેલ જયંતી નિમિત્તે આગામી ૩૧ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમાની પાદપૂજા કરીને સમગ્ર દેશવાસીઓ તરફથી સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ તેઓ એકતાનગર ખાતે ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ની ઉજવણીમાં ઉપસ્થિત રહી પોલીસદળના જવાનો દ્વારા થનારી એકતા પરેડનું નિરીક્ષણ કરશે અને તમામ લોકોને રાષ્ટ્રીય એકતા દિવસના શપથ પણ લેવડાવશે.

વડાપ્રધાન આ વર્ષે યોજાનારા ‘આરંભ’ કાર્યક્રમમાં હાજરી આપી ઓફિસર તાલીમાર્થીઓને સંબોધિત કરશે. આરંભ કાર્યક્રમનું આ પાંચમું સંસ્કરણ હશે, જેની આ વર્ષની થીમ છે, ‘હારનેસિંગ ધ પાવર ઓફ ડિસરપ્શન’.

આ સાથે જ વડાપ્રધાનના હસ્તે વિવિધ વિકાસકામો અને પ્રવાસન આકર્ષણોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે, જેમાં ગ્રીન ઈનિશિયેટિવ હેઠળ ૫ પ્રોજેક્ટ્સ, ૩ પ્રવાસન આકર્ષણો અને ૩ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગવર્નન્સ ઓથોરિટી પ્રકૃતિ, સંસ્કૃતિ અને પાણી (નેચર, વોટર એન્ડ કલ્ચર)ના સંરક્ષણ સાથે એકતાનગરનો વિકાસ કરવા માટે પ્રતિબદ્ધ છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગવર્નન્સ ઓથોરિટીએ પ્રકૃતિના સંરક્ષણ માટે ગ્રીન ઈનિશિયેટિવ હેઠળ પાંચ પ્રોજેક્ટ્સનું આયોજન કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સરદાર પટેલ જયંતીના અવસરે આ પાંચ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે, જેમાં ૩૦ ઈ-બસો, પબ્લિક બાઈક શેરિંગ, ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા સિટિ ગેસનું વિતરણ અને એકતાનગરમાં આવતા પ્રવાસીઓના સરળ ટ્રાન્સપોર્ટેશન માટે ગોલ્ફ કાર્ટ્સ જેવી સુવિધાઓનું લોકાર્પણ તેમજ ૪ મેગાવોટ સ્થાપિત ક્ષમતા સાથેના સોલાર પેનલ્સનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં પ્રવાસીઓના હરવા ફરવા માટે ગ્રીન ઈનિશિયેટીવના ભાગરૂપે ઓથોરિટી દ્વારા ડીઝલથી ચાલતી બસોના સ્થાને હવે ઈલેક્ટ્રિક બસો ચલાવવામાં આવશે. આ સાથે જ, પ્રવાસીઓને એકતાનગરનો સર્વાંગી અનુભવ પ્રદાન કરવા માટે તેમજ તેઓને ટ્રાન્સપોર્ટેશન માટે એક હરિત માધ્યમ એટલે કે ગ્રીન મોડ ઉપલબ્ધ કરાવવા માટે ઓથોરિટીએ સાયકલ શેરિંગ સિસ્ટમ (પબ્લિક બાઈક શેરિંગ)નું આયોજન કર્યું છે, જે પ્રવાસીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં ફરવા માટે ઓછા ખર્ચે પર્યાવરણને અનુકૂળ મોબિલીટી પ્રદાન કરશે. એકતાનગરમાં પર્યાવરણીય ટકાઉપણાને તેમજ સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કના વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી તમામ ઘરોમાં ‘પાઈપ્ડ નેચરલ ગેસ’ સપ્લાય કરવા માટે ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશનનું આયોજન કરવામાં આવ્યું છે, જે પરંપરાગત ઈંધણ સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેતા મુલાકાતીઓને કુદરતી વાતાવરણ અને સુંદર લેન્ડસ્કેપ્સનો આરોગ્યપ્રદ અનુભવ આપવા એકતાનગરમાં પ્રવાસીઓ માટે પર્યાવરણને અનુકૂળ પરિવહન ઉકેલ તરીકે ઈ-ગોલ્ફ કાર્ટ ઈન્ટ્રોડ્યુસ કરવામાં આવી રહી છે. આ સાથે જ, ગ્રીન અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી સસ્ટેનેબલ સોલ્યુશન્સના ભાગરૂપે તેમજ ૧.૪ મેગાવોટની સોલાર પાવર ઉત્પાદનની હાલની ક્ષમતામાં વધારો કરવા માટે પાર્કિંગ ૧, પાર્કિંગ ૨ અને પાર્કિંગ ૩ પર સોલાર પેનલ્સ ઈન્સ્ટોલ કરવાની યોજના છે, જે ૪ મેગાવોટ સોલાર પાવર જનરેટ કરશે. આમ, પ્રકૃતિના સંરક્ષણ સાથે એકતાનગરનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

એકતાનગરની મુલાકાત લેતા પ્રવાસીઓ માટે લગભગ ?૧૦૦ કરોડના ખર્ચે એક વિઝિટર્સ સેન્ટર નિર્માણ કરવામાં આવશે, જેનું ખાતમુહૂર્ત ૩૧ ઓક્ટોબરના રોજ વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે. આ વિઝિટર્સ સેન્ટર એક રિસેપ્શન સેન્ટર તરીકે કાર્ય કરશે, જે પ્રવાસીઓને માહિતી અને દિશા પ્રદાન કરશે. તેમાં પ્રવાસીઓને જરૂરી સુવિધાઓ પૂરી પાડતી દુકાનો, ફૂડ કોર્ટ, રેસ્ટોરન્ટ, આરામ અને મનોરંજનની જગ્યાઓ પણ બનાવવામાં આવશે.

આ સાથે જ, ૭.૫ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કમલમ્ પાર્કનું પણ લોકાર્પણ વડાપ્રધાન દ્વારા કરાશે. આ પ્રોજેક્ટમાં એકતાનગર ખાતે નર્મદા નદીના ડાબા કિનારે ડ્રેગન ફ્રૂટ, કે જે ભારતમાં ‘કમલમ’ તરીકે જાણીતું છે, તેની નર્સરી બનાવવામાં આવી છે. આ નર્સરીમાં મુલાકાતીઓ અને ખેડૂતોને આ ફળના ફાયદા અને તેની ખેતીની પદ્ધતિ વિશે શિક્ષિત કરવા માટે ડિજિટલ ઓરિએન્ટેશન સેન્ટર આવેલું છે, તેમજ તેમને વિતરણ માટે ૯૧૦,૦૦ કમલમના છોડ પણ રાખવામાં આવ્યા છે. નર્સરીનું એકંદર વાતાવરણ અને કેક્ટસ ગાર્ડનની નજીકમાં તે આવેલો હોવાથી કમલમ પાર્ક એકતા નગરના મુલાકાતીઓ માટે એક રસપ્રદ આકર્ષણ બનશે.

વારાણસીની ભવ્ય મહાગંગા આરતીમાંથી પ્રેરણા લઈને, એકતાનગર ખાતે એકતા નર્સરીની બાજુમાં ખાસ બાંધવામાં આવેલા ઘાટ પર નર્મદાના કિનારે નર્મદા આરતી કરવામાં આવે છે. આ સુંદર પરંપરાનું હવે વિસ્તરણ કરીને ઓથોરિટી નવી યુટ્યુબ ચેનલ દ્વારા દરરોજ નર્મદા આરતીનું લાઈવ સ્ટ્રીમિંગ કરાશે. આ પ્રયાસ અસંખ્ય શ્રદ્ધાળુઓને એકસાથે તો જોડે જ છે, પરંતુ ધાર્મિક પ્રવાસનને પ્રોત્સાહન આપતા વૈશ્વિક ધોરણો પણ સ્થાપિત કરે છે. સ્થાનિક હોટલો અને રહેઠાણોમાં પણ આરતીનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવશે તેમજ ઓથોરિટી એકતા નગર ખાતે સ્થાપિત મોટી સ્ક્રીન પર આરતીનું પ્રસારણ કરવા માટે પણ સક્રિયપણે કામ કરી રહી છે. આ પહેલ આધ્યાત્મિક અનુભવને વધુ મોહક બનાવશે અને ધાર્મિક પ્રવાસન માટે એક હબ તરીકે એકતા નગરની ખ્યાતિમાં વધારો કરશે.

પ્રવાસીઓની સુવિધા માટે એકતાનગર ખાતે ?૭.૫ કરોડના ખર્ચે ૨ ફિસ્કિંગ બૂથ સાથે ૧૫૦ મીટરના વોક-વેનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ફિસ્કિંગ બૂથની ક્ષમતા જૂના ફિસ્કિંગ બૂથની સરખામણીએ ત્રણગણી છે. વડાપ્રધાનના હસ્તે વોક-વેનું લોકાર્પણ કરવામાં આવશે. આ સાથે જ, એકતાનગરના રહેવાસીઓ અને પ્રવાસીઓ માટે આરોગ્ય સંભાળની સુવિધાઓ વધારવાના ઉદ્દેશ સાથે અહીંયા ૫૦ બેડ્સની ક્ષમતા તેમજ ટ્રોમા સેન્ટરની સુવિધા સાથેની એક સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બનાવવામાં આવશે. જીજીદ્ઘદ્ઘ- દ્વારા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના વિકાસ માટે આરોગ્ય વિભાગને ૬૦૦૦ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે.

વડાપ્રધાન એકતાનગર ખાતે ૮૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક લિ.ના સહકાર ભવનનું લોકાર્પણ કરશે. સરદાર સરોવર નર્મદા નિગમ લિ. તરફથી બેંકને સહકાર ભવનના નિર્માણ માટે કેવડિયા કોલોની ખાતે ૧૪,૬૮૮ ચો.મી. જમીન ૯૯ વર્ષના ભાડા પટ્ટે ફાળવવામાં આવી છે. આ ભવનનું નિર્માણ આર્કિટેક્ટ, PMC, કન્સલ્ટીંગ એન્જિનિયર, ઈન્ટીરિયર વગેરે નિષ્ણાતોની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. ગેસ્ટ હાઉસ બિલ્ડીંગમાં છઝ,્ફ તથા WiFi અદ્યતન ફર્નીચર સાથેની વ્યવસ્થા ધરાવતા ૧ VIP રૂમ, ૫ VIP રૂમ, ૨૮ DELUX રૂમ, ૪૫-૭ બેડના રૂમ, ડ્રાઈવર માટે ડોરમેટરી થઈને કુલ ૩૬૦ વ્યક્તિ માટે રહેઠાણની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ટ્રેઈનીંગ/મીટિંગની સુવિધા માટે અંદાજે ૩૦૦ વ્યક્તિઓની બેઠક વ્યવસ્થા અને અદ્યતન ઓડિયો વિડિયો સીસ્ટમ સાથે ઓડિટોરીયમ પણ બનાવવામાં આવ્યું છે. ૩૫ વ્યક્તિઓનો કોન્ફરન્સ રૂમ બનાવી વિડીયો કોન્ફરન્સીંગની સુવિધા પણ ઉપલબ્ધ છે.

સહકાર ભવનમાં ૧૩૬ વ્યક્તિઓ માટે જનરલ ડાઈનીંગ, ૫૬ વ્યક્તિઓ માટે ફૈં ડાઈનીંગ અને અદ્યતન કિચનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત સંકુલમાં ૩૨૧ ટુ વ્હીલર, ૭૫ ફોર વ્હીલર માટે પાર્કિંગની સુવિધા ઊભી કરવામાં આવી છે. ભવનમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ ધરાવતા ચિત્રકળાના નમૂના તથા મંદિર પણ બનાવવામાં આવ્યા છે.

વરાલક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા એકતાનગર ખાતે એકતા સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર કાર્યરત છે. આ સેન્ટર ખાતે વિવિધ કોર્સ હેઠળ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. આ કોર્સીસમાં ઈ-ઓટો ડ્રાઈવર, લાઈટ મોટર વ્હીકલ ડ્રાઈવર, હાઉસકીપીંગ અને રૂમ અટેન્ડન્ટ, આસિસ્ટન્ટ ઈલેક્ટ્રિશિયન, ફ્રન્ટ ઓફિસ એસોસિયેટ, કોમ્પ્યુટર/ડેટા એન્ટ્રી ઓપરેટર, આસિસ્ટન્ટ બ્યુટી થેરાપિસ્ટ, ફૂડ એન્ડ બેવરેજીસ સ્ટુઅર્ડ, કડિયાકામ ટેક્નિશિયન અને ટુરિસ્ટ ગાઈડ જેવા કુલ ૧૦ કોર્સનો સમાવેશ થાય છે. માર્ચ ૨૦૨૩ સુધીમાં આ સેન્ટરમાંથી કુલ ૧૧૪૧ તાલીમાર્થીઓ પાસ થયા છે અને ૭૮૭ તાલીમાર્થીઓનું પ્લેસમેન્ટ થયું છે, અથવા તો તેઓ સ્વરોજગાર ધરાવે છે.

# યાત્રાધામ સોમનાથ ટ્રસ્ટની આજે ૧૨૨મી બેઠક

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૦

યાત્રાધામ સોમનાથ ટ્રસ્ટની ૧૨૨મી બેઠક ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને આજે તા.૩૦ના સોમવારે ગાંધીનગર રાજભવન ખાતે સાંજે મળનાર છે. જેમાં સોમનાથ યાત્રાધામમાં ચાલતા વિકાસ કાર્યો અંગે ચર્ચાઓ કરવાની સાથે આગામી સમય માટે જરૂરિયાત મુજબના આયોજનોની વિચારણા કરવામાં આવશે તેવું જાણવા મળેલ છે. સોમનાથ ટ્રસ્ટની આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહ, ભારતના પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, પ્રવિણભાઈ લ્હેરી, હર્ષવર્ધન નિવેટીયા, જે.ડી.પરમાર સહીતના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેનાર છે. આ મીટીંગમાં સંકલન તથા તૈયારીઓ સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈ, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા દ્વારા કરવામાં આવી રહેલ છે. સોમનાથ મંદિરના નિર્માણ માટેના સોમનાથ ટ્રસ્ટની રચના થયા બાદ તા.૧૮ ઓકટોમ્બર ૧૯૪૯ ના રોજ ટ્રસ્ટી મંડળની પ્રથમ બેઠક મળેલ જેના પહેલા ચેરમેન નવાનગરના મહારાજા જામસાહેબ દિગ્વીજયસિંહ હતા જેઓ ૧૯૫૦ થી ૧૯૬૭ સુધી કાર્યરત હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ટ્રસ્ટમાં તા.૧૮ જાન્યુઆરી ૨૦૨૧ થી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ બન્યા છે. આ મીટીંગમાં યાત્રાધામ સોમનાથમાં ચાલતા વિકાસ કાર્યોની ચર્ચાઓ સાથે નવા પ્રોજેકટો અને વિશેષ કરીને સરળ આસ્થા સાથે વ્યવસ્થાઓ ગોઠવવા તેમજ કાશી બનારસ કોરીડોર અને મહાકાલ ઉજજૈનની જેમ સોમનાથનો વિકાસ ઉંચાઈ સુધી લઈ જવાય તે અંગેની ચર્ચાઓ થનાર હોવાનું જાણવા મળેલ છે.

# અમદાવાદ ખાતે માઈનોરીટી કો-ઓર્ડીનેશન કમીટીની બેઠક મળી

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૩૦



અમદાવાદ ખાતે માઈનોરીટી કો-ઓડિનેશન કમિટી(MCC)ની મિટિંગ મળી હતી. જેમાં ગુજરાતનાં અલગ અલગ જિલ્લાના ૭૦ જેટલા આગેવાનોએ હાજરી આપી હતી. તેમાં જિલ્લાના આગેવાનો દ્વારા તેના જિલ્લાઓમાં માઈનોરીટીના લોકો ઉપર થયેલ અત્યાચાર વિષે વાત કરવામાં આવી હતી અને ત્યાર બાદ MCC દ્વારા આવનારા સમયમાં ગુજરાતનાં લઘુમતી સમુદાયના લોકો સામે થયેલ અત્યાચારો રોકવા માટે શું કરવું જોઈએ અને આપણાં દેશના બંધારણ પ્રમાણે આપણાં અધિકારો રક્ષણ માટે આપણે શું કરવું જોઈએ તેના ઉપર ચર્ચા કરવામાં આવી હતી. ત્યાર બાદ ૨૦૨૨ના વર્ષમાં ગુજરાતમાં થયેલ તારીખો પ્રમાણે થયેલ હુમલાઓનો રિપોર્ટ ‘‘નિશાને ઉપર’’ રિલીજ કરવામાં આવ્યો હતો. જેમાં વર્ષ ૨૦૨૨માં ગુજરાતમાં લઘુમતી સમુદાયના ધાર્મિક સ્થાનો દરગાહ, મસ્જિદ કે વ્યક્તિગત હુમલાઓ થયા તેને રિપોર્ટમાં આવરી લેવામાં આવેલ. જેમાં એક ચોંકાવનારો આકડો સામે આવ્યો હતો કે ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ મા લઘુમતિઓ ઉપર ૫૫ હુમલાઓ થયા હતા.

# ગોંડલ અક્ષર મંદિરે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો ૨૩૯મો અક્ષર જન્મોત્સવ ભવ્યતાથી ઉજવાયો

(પ્રતિનિધિ દ્વારા)

ગોંડલ તા.૩૦

શ્રી અક્ષરમંદિર, ગોંડલ ખાતે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના ૨૩૯માં પ્રાગટ્યોત્સવની ઉજવણી ધામધુમથી કરવામાં આવી હતી. રવિવારે સવારથી જ મંદિર પરિસર હરિભક્તોથી ઉભરાવા લાગ્યું હતું. સર્વે ભક્તો અક્ષર દેરી અને મંદિરમાં દર્શનનો ઉત્તમ લાભ લઈ શકે તે માટે દર્શન વ્યવસ્થાનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. શરદોત્સવની મુખ્ય સભા સાંજે પાંચથી આઠ વાગ્યા દરમ્યાન પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ સભામાં નામદાર મહારાજા શ્રી હિમાંશુસિંહજી તથા ઉપેન્દ્રસિંહજી રાજવી પરિવાર ગોંડલ, સાંસદ રમેશભાઈ ધડુક અને ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહજી જાડેજા, પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહજી જાડેજા તેમજ ભૂવનેશ્વરી પીઠના પૂ. રવિદર્શનજી સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં ઉત્સવનો મર્મ - અક્ષરબ્રહ્મની આવશ્યકતા, અક્ષરબ્રહ્મના ગુણો, અક્ષરબ્રહ્મના કાર્યો, અક્ષરબ્રહ્મનું સ્વરૂપ, અને પ્રગટ અક્ષરબ્રહ્મનો પ્રભાવ પૂ.સંતોના પ્રવચન દ્વારા સર્વે સભાજનોએ હૃદયસ્થ કર્યા હતા.

સાથે યુવકો દ્વારા પ્રસ્તુત રસપ્રદ સંવાદ અને રાસની રમઝટથી સભાનો માહોલ વિશેષ પ્રભાવક બન્યો હતો. સભાના અંતમાં શિખર ઉપર કળશ ચડે તેમ પ્રગટ ગુણાતીત સંત પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના આશિર્વાદ પ્રાપ્ત કરી સર્વે હરિભક્તોએ કૃતાર્થતાની અનુભુતિ કરી હતી. શરદપૂનમની સભામાં ઠાકોરજીને સંતો - ભકતો દ્વારા પાંચ આરતીના અર્ધ્ય વડે વધાવવામાં આવ્યા હતા. ઠાકોરજીની આરતી વખતે આતશબાજી દ્વારા સમગ્ર વાતાવરણને રંગબેરંગી રોશનીથી છવાઈ ગયું હતું. આ ઉત્સવનો લાભ લેવા માટે સંતો, મહંતો તેમજ હજારોની સંખ્યામાં હરિભકતો અક્ષર મંદિરે પધાર્યા હતા. ઉત્સવના અંતે સૌ ભકતો ફુડપેકેટ અને દૂધ પૌઆનો પ્રસાદ લઈ શરદોત્સવની સ્મૃતિ હૃદયમાં ધારતા છૂટા પડ્યા હતા.

# રેડક્રોસનાં ડો. જગદીશ દવેની પ્રસંશનીય કામગીરી

જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢનાં રેડક્રોસ ખાતે ૪૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને ઈમરજન્સી ફસ્ટ એઈડ કોર્ષની ધનિષ્ઠ તાલીમ આપનાર તેમનજ ઈબોલા વાયરસ, કોંગો ફીવર, કોરોના વાયરસ બાબતે માહિતી વ્યાખ્યાન આપનાર ડો. જગદીશ દવેની સેવા પ્રાપ્ત થઈ હતી. તેમજ ડો. જગદીશ દવે સીવીલ હોસ્પીટલ, જીલ્લા જેલ, એઈડઝ કંટ્રોલ સોસાયટી વિગેરેમાં વિના મુલ્યે સેવા કરી રહયા છે. ડો. જગદીશ દવેની સેવાકીય કામગીરીને ૨૦૦૩માં રાજયપાલ તથા મ્યુ. કમિશ્નર પાઠક દ્વારા સન્માનતી કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આરઝી હકુમતમાં જેલવાસ ભોગવનાર વકીલ સ્વ. રતીભાઈ દવેનાં ડો. જગદીશ દવે ભત્રીજા પુત્ર થાય છે.

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૩૦-૧૦-૨૦૨૩ થી ૦૫-૧૧-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન મળેલી તકને ઝડપી લેજો. માનસિક ચિંતા હળવી બને. અંગત સમસ્યા હલ કરી શકશો. નાણાંકીય રીતે થોડી મુશ્કેલી સર્જાય. ખોટા રોકાણો ન કરવા હિતાવહ. જમીન-મકાનની ખરીદી થઈ શકે. કાર્યસફળતા માટે કૌટુંબિકકલહ અને વિસંવાદીતતાના પ્રસંગો ટાળજો. કુનેહથી કામ લેવું હિતાવહ. આરોગ્ય જાળવવું.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન આપને કારણવિનાની બેચેની અને અશાંતિમાંથી દિવસો પસાર કરવા પડે. ઉશ્કેરાટ અને આવેશાત્મક વલણ છોડજો. ધીરજ રાખી શાંતિથી કામ લેવું. ધંધાકીય ક્ષેત્રે પ્રતિકૂળતા જણાય. આવક કરતા ખર્ચ વધી ન જાય તેની તકેદારી રાખવી. નોકરીયાત વર્ગને પણ શાંતિથી રૂટીન કાર્ય કરવું. જોખમો ન લેવા હિતાવહ. દામ્પત્ય જીવનમાં મતભેદો રહ્યા કરે. ... જાળવવું હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન માનસિક તંગદિલી અનુભવાય. નાના-મોટા અંતરાયો અને સંઘર્ષોનો સામનો કરવો પડે. ધીરજ રાખવી, સ્વસ્થતા ટકાવી રાખવી. ધંધા-વ્યવસાયના કાર્યમાં વધુ પરિશ્રમે સફળતા મળે. નાણાંકીય તંગદિલી અનુભવાય. ખર્ચ પર કાબુ રાખવો. સંતાનો અંગેની ચિંતા સતાવે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન આપની આશા અને ઉમંગ વધે. સારી તકો મળે. તક ઝડપી લેવાથી ફાયદો થાય. નોકરીયાતને તેમના પ્રયત્નોનું ફળ મળે. ઉપરી અધિકારી વર્ગથી લાભ થાય. ધંધા-વ્યવસાય અંગેના વિકાસ માટે શુભ સમય. દામ્પત્યજીવનનું વાતાવરણ આનંદમય રહે. સ્નેહિ-સ્વજનોથી લાભ થાય. મહત્વની મુલાકાત ફળદાયી બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ તમને મિશ્રફળદાયી રહે.મૂડિ રોકાણ કરવામાં સાવધાન રહેજો. ખોટા સાહસ ન કરવા હિતાવહ. ખર્ચા વધે, ધંધા-રોજગાર તેમજ નોકરીમાં આ સમય મિશ્રફળ આપનારું રહે. કોર્ટ-કચેરીને લગતી બાબતોના પ્રશ્નો ઉકેલાય. મકાન-વાહન અંગે સમય હજુ પ્રતિકૂળ છે. વધુ પ્રયત્નો કરવાથી કામ પાર પડે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન આપને મનની મુંઝવણ દૂર થાય માટે તમારે પ્રયત્નો વધારવા જરૂરી. નાની-મોટી અડચણો પાર કરી શકશો. આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ મળે. લાભની તક ઝડપી લેવી. આવક વધે, જમીન-મકાન-વાહન વગેરેની ખરીદી માટે સાનુકૂળ સમય છે. ધંધા-વ્યવસાયમાં આગળ વધી શકાય. સ્નેહિ-સ્વજનથી મિલન-મુલાકાત થાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન તમારા અંગત પ્રશ્નોનો ઉકેલ મળે. કૌટુંબિક સમસ્યાઓ હલ થાય. ભાઈ-ભાડુંઅને સગા-સંબંધિઓની મદદ મળે. ધંધા-વ્યવસાય માટે આ સમય સાનુકૂળ રહે તેમજ નોકરીયાત વર્ગ માટે બઢતીના યોગ છે. આકસ્મિક પ્રવાસ-યાત્રા થાય. ગૃહજીવનમાં તકેદારી રાખવી હિતાવહ. પ્રિયજનની તબિયત બગડતા ચિંતા રહે. વડીલોનો સાથ-સહકાર મળે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદિલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર-ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું, કુટુંબ માટે ભોગ આપવો પડે. તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે. સંતાનથી લાભ થાય. ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમિયાન અવિચારી કે ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ. નાણાંકીય મુશ્કેલીઓનો ઉકેલમળે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. અંતરાયો દૂર થાય. મિત્રો, સ્નેહિજનો સાથેનો વિવાદ ટાળવો. દામ્પત્ય જીવનમાં ગેર સમજો ન વધે તેની તકેદારી રાખવી. શારરીક તંદુરસ્તી જાળવવી તેમજ વડીલોની તબિયત સંભાળવી જરૂરી બને.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે. નવિન તકો પ્રાપ્ત થાય. વેપાર-ધંધા ક્ષેત્રે વિકાસ થાય. નાણાંકીય સારોએવો લાભ મળે સાથે-સાથે ખર્ચનો પ્રશ્ન બને. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે. ગૃહજીવન આનંદદાયી રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**


આ સમય દરમિયાન અગત્યના કામકાજો કરવામાં વિલંબ થાય. માનસિક ચંતિ રહે સાથે-સાથે તેનો ઉકેલ પણ મળે. સ્નેહિથી મિલન-મુલાકાત થાય. આપની જરૂરીયાત મુજબ પૂરતા નાણા માટે સાનુકૂળ સમય કોર્ટ-કચેરીના કાર્યોનું પરીણામ તમારી ફેવરમાં આવે, પ્રવાસ-પર્યટન થાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અથવા તો કારણ વિનાની અશાંતિનો અનુભવ થાય તેથી મનને શાંત રાખવા પ્રયત્નો કરવા. ખોટા વિચારો ન કરવા હિતાવહ. નાણાંકીય સ્થિતિ મધ્યમ રહે. ધંધા-વ્યાપાર ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આકસ્મિક લાભ થાય. નોકરીયાત વર્ગની સ્થિતિ યથાવત રહે. જીવનસાથીનો સહકાર મળે.

# મધ્યપ્રદેશમાં બેરોજગારી અંગે ભાજપ અને કોંગ્રેસના દાવાઓ વચ્ચે રાજ્યમાં હજુ ૩૯ લાખ યુવાનો બેરોજગાર છે

(એજન્સી) તા.૩૦ મધ્યપ્રદેશમાં જેમ જેમ વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ તેમ મધ્ય પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ બંને દ્વારા ચૂંટણીના બ્યુગલ વાગી રહ્યા છે. ૨૩૦ સભ્યોની રાજ્ય વિધાનસભાની ચૂંટણી ૧૭ નવેમ્બરે થશે જ્યારે પરિણામો ૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. શિવરાજસિંહ ચૌહાણની આગેવાની હેઠળની ભાજપ સરકારે ડિસેમ્બર ૨૦૧૮થી માર્ચ ૨૦૨૦ સુધીના સમયગાળાને બાદ કરતાં ૨૦૦૮થી ૧૬ વર્ષ સુધી રાજ્ય ઉપર શાસન કર્યું છે, જ્યારે કોંગ્રેસ પક્ષના દિગ્ગજ નેતા કમલનાથ મુખ્યમંત્રી તરીકે સત્તામાં આવી હતી. આ વખતે પણ રાજ્યમાં જોરદાર સ્પર્ધા જોવા મળી રહી છે. ૧૭ ઓક્ટોબરના રોજ, કોંગ્રેસે રૂા.૨૫ લાખ સ્વાસ્થ્ય વીમો, જ્ઞાતિની વસ્તી ગણતરી, સરકારી નોકરીઓમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે ૨૭ ટકા ક્વોટા અને રાજ્ય માટે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના વચન સાથે તેનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો હતો. પાર્ટીના જનરલ સેક્રેટરી પ્રિયંકા ગાંધીએ આ વર્ષે જૂનમાં જબલપુરથી ચૂંટણી પ્રચારની શરૂઆત કરતી વખતે, રાજ્યમાં કથિત ભ્રષ્ટાચાર અને પ્રચંડ બેરોજગારી માટે ભાજપ સરકાર ઉપર હુમલો કર્યો હતો. પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં, ભાજપ સરકાર દ્વારા રાજ્યમાં માત્ર ૨૧ સરકારી નોકરીઓ આપવામાં આવી હતી. જ્યારે આ આંકડો મારા ધ્યાન ઉપર લાવવામાં આવ્યો, ત્યારે મેં મારી ઓફિસમાંથી ત્રણ વખત તેની તપાસ કરાવી અને તે હકીકત છે. ચૌહાણે, ૩૦ સપ્ટેમ્બરના રોજ રાજ્યના આદિવાસી પ્રભાવિત અલીરાજપુર જિલ્લામાં એક રેલી દરમ્યાન રાજ્યના દરેક પરિવારને એક નોકરીનું વચન આપતા કહ્યું હતું કે, હું રાજ્યના લોકોના જીવનમાંથી મુશ્કેલીઓ દૂર કરીશ. જો ફરીથી સત્તા ઉપર આવીશ તો દરેક પરિવારમાંથી એક વ્યક્તિને રોજગાર આપવામાં આવશે જેથી તેમને સ્થળાંતર ન કરવું પડે. અનેક યોજના અથવા સરકારી નોકરીઓમાં દરેક પરિવારમાંથી એક વ્યક્તિને નોકરી આપવામાં આવશે. જેમ જેમ મતદાનનો દિવસ નજીક આવી રહ્યો છે અને આવા આક્ષેપો વધી રહ્યા છે, ત્યારે મધ્યપ્રદેશમાં બેરોજગારીના મુદ્દા ઉપર એક નજર નાખીએ છીએ. છેલ્લા ૩ વર્ષમાં ૨૧ યુવાનોને નોકરીઓ આપી ગયા વર્ષે રાજ્ય વિધાનસભાના ચોમાસુ સત્રમાં રજૂ કરાયેલા બેરોજગારીના આંકડાઓ અનુસાર, ૧ એપ્રિલ, ૨૦૨૨ સુધીમાં ૨૫.૮ લાખથી વધુ નોંધાયેલા બેરોજગાર યુવાનો હતા. ૧ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ આ આંકડો વધીને ૩૮,૯૨,૯૪૯ થયો હતો. આનો અર્થ એ છે કે મધ્યપ્રદેશમાં દર મહિને લગભગ એક લાખ લોકો બેરોજગાર છે. જો કે, આ લગભગ ૩૯ લાખ વ્યક્તિઓમાંથી માત્ર ૨૧ લોકોને જ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નોકરી આપવામાં આવી છે. આ ચોંકાવનારો આંકડો ત્યારે સામે આવ્યો જ્યારે સરકારે આ વર્ષે ૧ માર્ચે મધ્યપ્રદેશ વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્ય મેવારામ જાટવને જવાબ આપ્યો હતો. NDTVના અહેવાલ મુજબ, ૧ એપ્રિલ ૨૦૨૦થી રાજ્યભરમાં ૫૨ રોજગાર કચેરીઓ ચલાવવા માટે ૧૬.૭૪ કરોડ રૂપિયાનો અંદાજ ખર્ચવામાં આવ્યો છે. મતલબ કે આ નોકરીઓ પૂરી પાડવા માટે વ્યક્તિ દીઠ લગભગ રૂા.૮૦ લાખનો ખર્ચ થયો હતો. ૧૫ ઓક્ટોબરના રોજ નવી દિલ્હીમાં AICC હેડક્વાર્ટર ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન કોંગ્રેસના નેતા શોભા ઓઝાએ દાવો કર્યો હતો કે બધી સરકારી નોકરીઓ કૌભાંડોને કારણે ગુમાવી દેવામાં આવી છે. ૨૦૨૨માં, લગભગ ૪૦ લાખ બાળકો અને યુવાનો એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જમાં નોંધાયેલા હતા અને તે શરમજનક છે કે તેમાંથી, સરકારે ફક્ત ૨૧ લોકોને નોકરી આપી હતી. ઓઝાએ રાજ્યમાં નર્સિંગ ભરતી કૌભાંડ, પોલીસ કોન્સ્ટેબલ ભરતી કૌભાંડ, શિક્ષક ભરતી કૌભાંડ અને પટવારી ભરતી કૌભાંડ જેવા કથિત કૌભાંડો માટે નોકરીઓની અછતને જવાબદાર ગણાવી હતી. તેણીએ ઉમેર્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં પરીક્ષાઓ દ્વારા કોઈ નર્સિંગ નોકરીઓ મળી નથી અને તેઓએ વચન આપ્યું હતું કે જો કોંગ્રેસ આ વખતે સત્તા ઉપર આવશે તો રાજ્યને સારૂ શિક્ષણ અને રોજગાર આપશે. ૨૨ સપ્ટેમ્બરના રોજ, ચૌહાણે જણાવ્યું હતું કે વિવિધ સરકારી નોકરીઓ માટે એક લાખ લોકોની ભરતી કરવામાં આવી છે, અને રાજ્યમાં આવનારા મધ્યમ અને કુટીર ઉદ્યોગો હજારોને નોકરી આપવાનું વચન આપે છે. રાજ્યના આર્થિક સર્વેક્ષણના ડેટા મુજબ, મધ્યપ્રદેશમાં બેરોજગારીમાં સતત વધારો જોવા મળ્યો છે. ૨૦૨૨માં અન્ય રાજ્યોની તુલનામાં, મધ્ય પ્રદેશમાં ૩.૨નો બેરોજગારી દર જોવા મળ્યો હતો, જે છત્તીસગઢમાં ૩.૪ અને તેલંગાણામાં ૪.૫ છે. દરમ્યાન હરિયાણામાં સૌથી વધુ ૩૭.૪નો બેરોજગારી દર હતો, ત્યારબાદ રાજસ્થાનમાં ૨૮.૫ હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE) અનુસાર, જુલાઈ ૨૦૨૩ સુધીમાં દેશનો એકંદરે બેરોજગારીનો દર ૭.૯૫ ટકા છે. ૨૦૨૦માં રોગચાળા દરમ્યાન બેરોજગારીનો દર ટોચ ઉપર હતો અને ત્યારથી તેમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. વિધાનસભાના ચોમાસા સત્ર દરમ્યાન કોંગ્રેસના ધારાસભ્ય પ્રતાપ ગ્રેવાલના જવાબમાં રાજ્ય સરકારે રજૂ કરેલા ડેટા અનુસાર, રાજ્યમાં ૧ એપ્રિલ, ૨૦૨૨ સુધીમાં ૨૫.૮૧ લાખ નોંધાયેલા બેરોજગાર યુવાનો હતા. આ બેરોજગાર યુવાનોમાંથી મોટા ભાગના ઓબીસીના હતા. આમાંથી, ૩૦ ટકા (૭.૭૨ લાખ) નોંધાયેલ બેરોજગાર વ્યક્તિઓ અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના છે, જે મળીને કુલ વસ્તીના લગભગ ૩૬ ટકા છે. બાકીના ૭૦% બેરોજગાર લોકો OBC અને સામાન્ય વર્ગના છે. આ ડેટા વધુમાં દર્શાવે છે કે ૨૦૧૧થી ૨૦૨૧ની વચ્ચે નોકરી મેળાઓ દ્વારા ૮.૨૫ લાખથી વધુ લોકોને ઓફર લેટર્સ આપવામાં આવ્યા હતાઃ ૨.૮૯ લાખ OBC, 2.69 લાખ બિન અનામત, ૧.૫૪ લાખ SC અને STને ૧.૧૧ લાખ. ન્યૂઝક્લિક દ્વારા ડેટાનું વિશ્લેષણ દર્શાવે છે કે ગ્વાલિયરમાં ૧.૫૫ લાખ નોંધાયેલા બેરોજગાર યુવાનો સાથે સૌથી વધુ બેરોજગારી છે, ત્યારબાદ ભોપાલમાં ૧.૩૧ લાખ, રીવામાં ૧.૦૯ લાખ અને મોરેનામાં ૧.૦૨ લાખ યુવાનો બેરોજગાર છે.




### ૧૦,૦૦૦ સેવા મંડળીઓ-પેક્સને બહુહેતુક બનાવવા ઉપનિયમો બદલ્યા

# રાજ્યના ગામડાઓની સેવા મંડળીઓ હવે પેટ્રોલ પંપ-ઔષધિ કેન્દ્ર સહિતની સેવા શરૂ કરી શકશે

### મંડળીઓને પ્રોત્સાહિત કરવા ૩૩ જિલ્લાઓમાં સેમિનારનું આયોજન કરાશે

ગાંધીનગર, ૩૦ રાજ્યના ગામડાઓમાં આવેલી સેવા મંડળીઓને વર્ષોથી ચાલી આવતી તેમની સેવા પ્રવૃત્તિઓથી આગળ વધી કોમ્પ્યુટરાઈઝ થવા સાથે વિવિધ નવી સેવાઓ શરૂ કરી આર્થિક સદ્ધર બનાવવા સરકારે નિર્ણય કર્યો છે. જે અંતર્ગત મંડળીઓના નિયમોમાં ફેરફાર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. કેન્દ્ર સરકારના સહકાર મંત્રાલયની વિવિધ પહેલ અનુસાર ગામડાની સેવા મંડળીઓ-પેક્સને બહુહેતુક બનાવવામાં આવી રહી છે, તે માટે રાજ્યની ૧૦,૦૦૦ પેક્સ (પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળી)ઓ પૈકી ૮૫૦૦થી પણ વધારે મંડળીઓના ઉપનિયમો બદલીને આદર્શ ઉપનિયમો ઘડવામાં આવ્યા છે. જે અંતર્ગત સેવા મંડળીઓને કોમ્પ્યુટરાઈઝ કરવી, જન ઔષધિ કેન્દ્રો શરૂ કરવા, ખાતર વિતરણ લાયસન્સ મેળવવા, પેટ્રોલ પંપ શરૂ કરવા, ખેડૂતોને સોલર પંપ સંબંધિત માહિતી આપવા, ગોડાઉનો બનાવવા વગેરે કામગીરી કરવા પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે, તેમ પ્રવક્તા મંત્રી કનુભાઈ દેસાઈએ માહિતી આપતા જણાવ્યું હતું. પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે, કેન્દ્ર દ્વારા ગ્રામીણ અર્થતંત્રને વધુ મજબૂત બનાવવા સંખ્યાબંધ યોજનાઓ તૈયાર કરીને વિવિધ નવી પહેલ શરૂ કરવામાં આવી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુજરાતના ગ્રામીણ અર્થવ્યવસ્થાને વધુ મજબૂત કરવા ગામડાઓની સેવા સહકારી મંડળીઓ સુધી વિવિધ લાભો પહોંચે તે દિશામાં સતત કાર્ય કરવામાં આવી રહ્યું છે. વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, આ અભિયાનને સફળ બનાવવા તમામ જિલ્લાઓમાં સેવા સહકારી મંડળીઓ-પેક્સને જિલ્લા કક્ષાએ સેમિનાર કરીને માહિતગાર અને પ્રોત્સાહિત કરવા આગામી તા.૩૦ ઓકટોબર સુધી રાજ્યના ૩૩ તમામ જિલ્લાઓમાં વિવિધ સેમિનાર યોજવામાં આવશે, જેમાં જનપ્રતિનિધિ, નાબાર્ડના પ્રતિનિધિ, જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના પ્રતિનિધિ અને અમુક જિલ્લાઓમાં ગાંધીનગરથી રાજ્યકક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહીને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવી રહ્યું છે, જેના પરિણામે આવનાર સમયમાં ગામડાઓની સેવા મંડળીઓની વિવિધ પ્રવૃત્તિઓ થકી ગ્રામીણ અર્થતંત્રને વધુ વેગ મળશે.


# નવા ક્રેડિટ ગ્રાહકોને રૂા.૫૦,૦૦૦થી ઓછી રકમની નાની લોન આપવામાં બેંકો વધુ સાવધ રહે છે : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૩૦ ટ્રાન્સયુનિયન CIBILના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, બેંકો નવા-ક્રેડિટ ગ્રાહકોને અથવા જેમની પાસે અગાઉનો કોઈ ક્રેડિટ ઈતિહાસ નથી તેમને રૂા.૫૦,૦૦૦થી ઓછીની નાની લોન આપવામાં વધુને વધુ સાવધ બની રહી છે. ગ્રાહકો માટે આવી મંજૂરી દર માર્ચ ૨૦૨૦ અને ૨૦૨૧માં અનુક્રમે ૩૪% અને ૨૮%થી ઘટીને માર્ચ ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં ૨૩% થયું છે. ટ્રાન્સયુનિયન CIBIL ક્રેડિટ માર્કેટ ઈન્ડિકેટર (CMI) રિપોર્ટની નવીનતમ આવૃત્તિમાં જણાવાયું છે કે, અસુરક્ષિત ક્રેડિટ પોર્ટફોલિયોને નાની લોન દ્વારા ટેકો આપવામાં આવે છે. જો કે હોમ લોનની માંગમાં ઘટાડો થયો છે. આ નાની-પર્સનલ લોનમાં તમામ પર્સનલ લોનના ૨%નો સમાવેશ થાય છે. ૨૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ પર્સનલ લોન સેગમેન્ટમાં ડિફોલ્ટર્સની સંખ્યા વધીને ૩૨.૯% થઈ હતી, જે એક વર્ષ અગાઉ ૩૧.૪% હતી. યસ બેંક અને કોટક મહિન્દ્રા બેંકે ગયા વર્ષની સરખામણીમાં આવા વધુ ગુના નોંધ્યા છે. ICICI બેંક રૂા.૫૦,૦૦૦થી નીચેના લોન સેગમેન્ટમાં સૌથી વધુ તકલીફનો સામનો કરી રહી છે. એક વિશ્લેષકે કહ્યું હતું કે, જીવનનિર્વાહની વધતી જતી કિંમત, નોકરી અને આર્થિક મંદી સહિતના અનેક પરિબળોને કારણે આવું થઈ રહ્યું છે. ICICI બેંક અને બજાજ ફાઈનાન્સ આ સેગમેન્ટ ઉપર નજર રાખી રહ્યા છે. ICICI બેંકના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર અનિંદ્ય બેનરજીએ ૨૧ ઓક્ટોબરના રોજ વિશ્લેષકોને જણાવ્યું હતું કે જ્યાં સુધી અમારા પોર્ટફોલિયોનો સંબંધ છે, અમારી પાસે નાની સાઈઝના સેગમેન્ટમાં ખૂબ જ ઓછી લોન છે. પરંતુ અમે જેમ જેમ આગળ વધીશું તેમ તેમ અમે તેનું નિરીક્ષણ કરવાનું ચાલુ રાખીશું. જો કે, જો લોકોને આ લોન મળવાનું બંધ થઈ જાય તો વપરાશ ઉપર અસર થઈ શકે છે, એમ બેંક ઓફ બરોડાના મુખ્ય અર્થશાસ્ત્રી મદન સબનવીસે અખબારને જણાવ્યું હતું. આવા કિસ્સામાં, લોકો અન્ય માર્ગો શોધશે, જે બેંક ક્રેડિટ કરતાં વધુ ખર્ચાળ છે. ઓગસ્ટ સુધીમાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વર્ગીકૃત કરાયેલી કુલ વ્યક્તિગત લોન અથવા અન્ય વ્યક્તિગત લોન ૧૨.૨ ટ્રિલિયન રૂપિયા હતી, જે એક વર્ષ અગાઉની સરખામણીમાં ૨૬% વધુ છે.

# રાજ્યના જિલ્લાઓમાં ખાલી પડેલી DEO અને DPEOની જગ્યાઓ ભરવાની જાહેરાત

ગાંધીનગર,તા.૩૦ ગુજરાત શિક્ષણ વિભાગ માટે મહત્વની વિગતો સામે આવી છે જેમાં દિવાળી બાદ શિક્ષણ વિભાગની વહીવટી જગ્યાઓ ભરવામાં આવે તેવી શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે જાહેરાત કરી છે. જેનો સીધો અર્થ એ થાય છે કે દિવાળી બાદ તમામ જિલ્લાઓને ડીઈઓ અને ડીપીઈઓ મળશે. જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની નિમણૂક કરી શિક્ષણનું સ્તર સુધારવાની દિશામાં સરકાર દ્વારા કાર્યવાહી ચાલી રહી છે. અત્રે નોંધનિય છે કે રાજ્યમાં ૩૯ ડીઈઓ ડીપીઈઓની ખાલી જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે. જે વ્યવસ્થા હવે સુધરશે. ચાર્જને કારણે અનેક પ્રશ્નો વણઉકેલ્યા છે. જેને લઈને હવે આ વ્યવસ્થા સુધરે તેવા સંજોગો વર્તાઈ રહ્યા છે. જેની જવાબદારી જિલ્લામાં શિક્ષણની ગુણવત્તા ઉપર દેખરેખ રાખવાની અને નિરીક્ષણ કરવાની હોય છે. તે ડીઈઓ અને ડીપીઈઓના હવાલાથી વહીવટી કામગીરી સાથે જોડાયેલા હોવાની શાળાઓની ગુણવત્તા સુધારવાની કામગીરીમાં હાલ અનેક અવરોધ પેદા થઈ રહ્યા છે. એટલે કે રાજયમાં શિક્ષણ ક્ષેત્રે મોટી પ્રગતિની વાતો કરતી સરકારના દાવા સામે ખરી હકીકત બહુ ખરાબ હોવાની વિગતો વારંવાર બહાર આવી રહી છે. જેના કારણોમાં શિક્ષણ ક્ષેત્રે મહત્વની જવાબદારી પૂર્ણ જગ્યાઓ ખાલી પડી હોવા મુદ્દે પણ ફરિયાદો ઉઠી રહી છે. ત્યારે હવે સરકાર આ દિશામાં આગળ વધી રહી છે શિક્ષકોની પણ સંખ્યાબંધ ઘટ વચ્ચે ભરતી કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે તે દરમ્યાન હવે આગામી સમયમાં મહત્વની એવી ડીઈઓ અને ડીપીઈઓની જગ્યાઓ ભરવામાં આવશે.

# કોંગ્રેસના પ્રદેશ એકમો અન્યોની સાથે સીટ વહેંચણી અંગે નિર્ણય લેશે : ખડગે



નવી દિલ્હી તા.૩૦ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે, કોંગ્રેસ પાર્ટીના રાજ્ય એકમો આગામી વિધાનસભા ચૂંટણી માટે ક્ષેત્રીય દળોની સાથે સીટ વહેંચણી ઉપર પોતાના નિર્ણય પોતે લેશે. તેમણે જણાવ્યું કે, લોકસભા ચૂંટણી માટે સીટ વહેંચણી ઉપર ચર્ચા થવાની બાકી છે. ખડગેએ કલબુર્ગીમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે, રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા, મિઝોરમ અને છત્તીસગઢમાં વિધાનસભા ચૂંટણી માટે ભારતીય રાષ્ટ્રીય વિકાસાત્મક, સમાવેશી ગઠબંધન (INDIA)માં પાર્ટીઓની સાથે સીટ વહેંચણી ઉપર નિર્ણય સંબાંધિત રાજ્યોના સ્થાનિક કોંગ્રેસ એકમો ઉપર છોડી દેવામાં આવ્યો છે. સ્થાનિક કોંગ્રેસ નેતા પાછલી વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીઓના પ્રદર્શનના આધારે આ નક્કી કરશે કે પોતપોતાના રાજ્યોમાં ભારતીય ગઠબંધન પાર્ટીઓની સાથે જવું છે કે નહીં. જો કે, હાલમાં ફોકસ પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી ઉપર છે માટે લોકસભા ચૂંટણી માટે ભારતીય બ્લોકમાં પાર્ટીઓની વચ્ચે સીટ વહેંચણી ઉપર ચર્ચા સામે આવી નથી. તમામ પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી જીતવા પ્રતિ આશ્વસ્ત કોંગ્રેસના દિગ્ગજ નેતાએ જણાવ્યું કે, સંપૂર્ણ દેશમાં ભાજપ વિરોધી લહેર ચાલી રહી છે. કારણ કે, ભાજપે પોતાના વચન પૂરા કર્યા નથી ભાજપ પાછલી ચૂંટણીમાં પોતાના અભિયાનો દરમ્યાન આપેલા વચનોને પૂરા કરવામાં નિષ્ફળ રહી છે. લોકો ભાજપ શાસનથી નિરાશ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દરેક સ્થળે જઈ રહ્યા છે અને લોકોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તે લોકોને કહી રહ્યા છે કે, તે રાજ્યમાં ચૂંટણી લડી રહેલા ઉમેદવારો અથવા મુખ્યમંત્રી પદના ઉમેદવારોને નહીં પરંતુ તેમને ધ્યાનમાં રાખતા ભાજપને જીત આપે. જો ભાજપ સત્તામાં આવે છે તો મોદી કયા રાજ્યના મુખ્યમંત્રી બનશે ? લોકો જાણે છે કે, વાસ્તવિકતામાં તેમની માટે કોણ કામ કરશે અને કોણ નહીં અને તે મુજબ પોતાના મતાધિકારનો ઉપયોગ કરજો.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વેસ્ટર્ન ઝોનના વાઈસ ચાન્સેલર્સની કોન્ફરન્સમાં મુખ્યમંત્રીનું સંબોધન

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે દસ વર્ષનો રોડમેપ ગુજરાતે તૈયાર કર્યો

ગાંધીનગર, તા.૩૦ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત ટેન્ટ સિટી-૨ ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના અમલીકરણ અંગે વાઈસ ચાન્સેલર્સ અને NEP કોઓર્ડિનેટર્સની એક દિવસીય કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો. આ કોન્ફરન્સમાં NEP અંતર્ગત શિક્ષણ ક્ષેત્રને સમૃદ્ધ અને ક્ષમતા કેન્દ્રી બનાવવા સારસ્વતોએ અહીં સામૂહિક વિચાર મંથન કર્યું હતું.

૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS)-૨૦૨૪ના ભાગરૂપે પ્રિ-સમિટ તરીકે આયોજિત એક દિવસીય કોન્ફરન્સમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષો જૂની શિક્ષણ નીતિમાં નવા જમાનાને અનુરૂપ બદલાવ કરીને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લોન્ચ કરાઈ છે, તે ભારતને ગ્લોબલ એજ્યુકેશન હબ બનાવવા તેમજ વિકસિત ભારતના નિર્માણમાં મુખ્ય ભૂમિકા નિભાવશે. આ નીતિના અસરકારક અમલીકરણ માટે દેશની સમગ્ર એજ્યુકેશન ઈકોસિસ્ટમને વધુ સુદૃઢ બનાવવામાં આ કોન્ફરન્સ ખૂબ ઉપયોગી બની રહેશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની પ્રક્રિયામાં સહાયક અને નિર્ણાયક બને તેવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ ઘડવામાં આવી છે. ત્યારે હોલિસ્ટીક એજ્યુકેશન, મોડર્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણના ધ્યેયને સાકાર કરવા માટે ગુજરાત સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના સુચારૂ અમલીકરણનો ૧૦ વર્ષનો રોડમેપ પણ તૈયાર કરી લીધો છે.

આદર્શ શિક્ષણ એ કોઈપણ દેશ, રાજ્યના વિકાસની પૂર્વશરત છે એમ સ્પષ્ટપણે જણાવતા તેમણે ઉમેર્યું કે, શિક્ષણને વ્યક્તિ કેન્દ્રી નહીં, જ્ઞાન અને કૌશલ્ય કેન્દ્રી બનાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એટલે જ વિદ્યાર્થીઓના કૌશલ્યવર્ધન ઉપર સતત ભાર આપ્યો છે. દેશના વિકાસના પાયામાં જેની મહત્ત્વની ભૂમિકા છે એવી યુવાશક્તિને આત્મનિર્ભર બનાવવામાં તેમજ આદર્શ રાષ્ટ્ર નિર્માણ આ નવી રાષ્ટ્રીયનર્મદા સુધીનો આ પ્રવાસ સંપૂર્ણ સફળ રહેશે, એમ તેમણે સહર્ષ જણાવ્યું હતું. ભારતીય ભાષાઓ ભારતની વિકાસયાત્રામાં મહત્ત્વનું અંગ રહી છે. ભારતની તમામ ભાષા રાષ્ટ્ર ભાષા છે અને તેથી જ NEP-2020માં પણ પ્રાદેશિક ભાષાઓને પ્રાથમિકતા આપવામાં શિક્ષણનીતિ સક્ષમ માધ્યમ બનવાની છે, આજે શિક્ષણની સાથે સ્કીલ ડેવલપમેન્ટ સહિત રોજગારના બદલાયેલા સ્વરૂપ અને વ્યાપાર ક્ષેત્રમાં આવેલ પરિવર્તનમાં નવી શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ ટ્રાન્સફોર્મેશન, આત્મનિર્ભરતા સહિત ડિજિટલ ભારતમાં નવી શિક્ષણનીતિ મહત્ત્વની ભૂમિકા ભજવશે એનીઆવી છે, જેથી સોશિયલ બિહેવિયરને એકેડેમિક પ્રેક્ટિસ તરફ લઈ જઈ શકાય. કારણ કે, ભારતીય જ્ઞાન પરંપરા વિશ્વભરમાં ખૂબ જાણીતી છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું કે, NEPમાં કૌશલ્ય વર્ધન અને રોજગારપરસ્ત શિક્ષણને પ્રાધાન્ય અપાયું છે.વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણનીતિ સક્ષમ માધ્યમ બનવાની છે, આજે શિક્ષણની સાથે સ્કીલ ડેવલપમેન્ટ સહિત રોજગારના બદલાયેલા સ્વરૂપ અને વ્યાપાર ક્ષેત્રમાં આવેલ પરિવર્તનમાં નવી શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ ટ્રાન્સફોર્મેશન, આત્મનિર્ભરતા સહિત ડિજિટલ ભારતમાં નવી શિક્ષણનીતિ મહત્ત્વની ભૂમિકા ભજવશે એની ભૂમિકા તેમણે આપી હતી. કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યુ હતું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નો હેતુ દેશભરમાં શિક્ષણ માટે એક વ્યાપક માળખું સ્થાપિત કરવાનો છે. નવા ભારતના ભવિષ્ય નિર્માણ માટે અને વડાપ્રધાને આપણને આપેલા નવા વિકસિત ભારત-૨૦૪૭ના વિઝનને સાર્થક કરવા માટે ગંગાથી ભારતને એક કરવું એ પણ શિક્ષણનો જ એક ભાગ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ માટે આજે વિવિધ ચાર ટેક્નિકલ સત્રોમાં નિષ્ણાંતો વચ્ચે થનારી ચર્ચા તેના અમલીકરણ માટે અત્યંત મહત્ત્વની સાબિત થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આરોગ્ય અને ઉચ્ચ ટેક્નિકલ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલે આ કોન્ફરન્સને જ્ઞાન અને વિચારોનું સમુદ્ર મંથન ગણાવતા કહ્યું કે, પ્રાચીનકાળમાં તક્ષશિલા, વિક્રમશીલા અને નાલંદા જેવી ભારતની મહા વિશ્વ વિદ્યાલયમાં જ્ઞાન મેળવીને દેશ-વિદેશના લોકોએ ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન ભંડારને વિશ્વ સુધી પહોંચાડ્યું છે. ફરી એકવાર યુવા સામર્થ્યને આગળ વધારવા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ, કૌશલ્યવર્ધન અને રોજગાર આપતા યુવાનો તૈયાર કરવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ લાગુ કરાઈ છે. આ પ્રસંગે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ચેરમેન પ્રો. એમ. જગદીશકુમારે જણાવ્યું કે, દેશની શિક્ષણ પ્રણાલીને વધુ અદ્યતન અને બહેતર બનાવવા માટે ઘડાયેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ૨૦૨૦ના સુયોગ્ય અમલીકરણ માટે ૧૫૦ કરતા વધુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર એક જ સ્ટેજ ઉપર ભેગા થવું એ ખૂબ મોટો સંયોગ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં પશ્ચિમ ઝોનના નોંધનીય છે કે, વિશ્વ વિદ્યાલયના કુલપતિઓ, પ્રાધ્યાપકો, શિક્ષણવિદો, તજજ્ઞોની ઉપસ્થિતિમાં સામૂહિક વિચાર વિમર્શ કરી નવી શિક્ષણ નીતિને સંપૂર્ણપણે લાગુ કરવાનો રોડમેપ તૈયાર કરવામાં આવશે. કાર્યક્રમના અંતે શિક્ષણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી મુકેશ કુમારે આભાર વિધિ આટોપી હતી. આ પ્રસંગે શિક્ષણ રાજયમંત્રી પ્રફુલ પાનશેરિયા, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર હસમુખ અઢિયા, AICTના અધ્યક્ષ પ્રો. ટી.જી. સીતારમન, ટેક્નિકલ શિક્ષણ વિભાગના કમિશ્નર બંછાનિધિ પાની, ઉચ્ચ શિક્ષણ વિભાગના નિયામક પી.બી.પંડ્યા, કેસીજીના એડવાઈઝર પ્રો. એ.યુ. પટેલ સહિત વેસ્ટર્ન ઝોનની યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરો, શિક્ષણ નિષ્ણાંતો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ ખાતે 'સોરઠ સખી કલા ઉત્સવ' પ્રદર્શન કમ વેચાણ મેળામાં ૩૮ સ્ટોલ પર સ્વસહાય જૂથ ની બહેનો દ્વારા નિર્મિત હસ્તકળાનું વેચાણ

## સ્વ-સહાય જૂથ મહિલા સભ્યોને માર્કેટિંગ સપોર્ટ આપવાના ઉદ્દેશ્યથી નાબાર્ડ દ્વારા આયોજન

જૂનાગઢ તા.૩૦

યુનાઈટેડ નેશન ઓર્ગેનાઈઝેશને નિર્ધારિત કરેલ મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત અવિકસિત અને સુક્ષ્મ ધિરાણ કાર્યક્રમ ગરીબી નિવારણ માટે સૌથી વધારે અસરકારક વ્યુહરચના પુરવાર થયેલ છે. સ્વસહાય જૂથ મહિલાઓને સશક્તિકરણ કરવામાં અને તેમને આવકના સ્ત્રોત પ્રદાન કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આવા સ્વસહાય જુથ ની બહેનો હસ્તકલા, કાપડ અને ખાદ્ય વસ્તુઓ સહિત ઉત્પાદનોની વિશાળ શ્રેણીનું ઉત્પાદન કરે છે, જેની સ્થાનિક બજારમાં નોંધપાત્ર માંગ છે.આવા મહીલા સ્વસહાય જૂથો ને પોતાનાં ઉત્પાદિત હસ્તકળા અને હાથ હુન્નર ઉત્પાદનોનું પ્રદર્શન કરવા અને સંભવિત ગ્રાહકો સુધી પહોંચવા માટે પ્લેટફોર્મ મળી રહે તે ભાગ સ્વરૂપ નાબાર્ડ દ્વારા પ્રદર્શન કમ સેલ આયોજન અન્વયે સોરઠ સખી કલા ઉત્સવ ઝાંઝરડા રોડ યમુના વાડી ખાતે શનિવારથી પ્રારંભ થયો છે,

સોરઠ સખી કળા ઉત્સવ મેળા ને ખુલ્લો મૂકતા સ્વસહાય જૂથોની બહેનોને તેમની પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરવાની અને ખરીદદારોને આકર્ષવાની સોરઠ સખી કલા ઉત્સવ મેળા થકી ઉત્તમ તક મળશે. બહેનોને કાર્ય-વેચાણ પ્રોત્સાહન આપવા અને સ્થાનિક અર્થતંત્રમાં યોગદાન આપવામાં પણ મદદ કરશે.

નાબાર્ડ ના ડિરેક્ટર કિરણ રાઉતે વિગત રજુ કરતા જણાવ્યું કે સ્વ-સહાય જુથ મહિલા સભ્યોને માર્કેટિંગ સપોર્ટ આપવાના ઉદ્દેશ્યથી, નાબાર્ડ દ્વારા તા. ૨૮ થી ૨૯ ઓક્ટોબર-૨૦૨૩ દરમ્યાન બે દિવસ માટે યમુના વાડી, ઝાંઝરડા રોડ ખાતે "સોરઠ સખી કલા ઉત્સવ" પ્રદર્શન કમ વેચાણ મેળો યોજવામાં આવ્યો છે, જૂનાગઢવાસીઓએ કળા ઉત્સવ મેળમાં બહેનોને પ્રોત્સાહન આપવા મેળાની મુલાકાત લેવા વિનંતિ કરી હતી.

એસ બી આઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ કેન્દ્ર ના નિયામક પ્રશાંત ગોહેલે રોજગાર વાંચ્છુ યુવાઓ માટે ચાલતા તાલીમી કાર્યક્રમોની જાણકરી આપી હતી. એફ એલ સી દિલીપ છુગાનીએ ભારતમાં સુક્ષ્મ ધિરાણની શરૂઆત અને સેવા– સેલ્ફ એમ્પ્યોડ વુમન એસોસિએશન દ્વારા અસંગઠિત ક્ષેત્રની ગરીબ મહિલાઓને બેન્કિંગ સુવિધાઓ આપવા માટે શ્રી મહિલા સેવા સહકારી મંડળીઓની જાણકરી આપી હતી.ગરીબ લોકોને સરળતાથી અને પુરતા પ્રમાણમાં બેન્કિંગ સુવિધાઓ મળી રહે તે માટે નવીન વ્યૂહરચના સાથે વધુમાં મહિલાઓ બેન્કિંગ સુવિધાઓનો વધારેમાં વધારે લાભ લઈ શકે તેવી યોજનાની વિગતો રજૂ કરી હતી. જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરીના રેખાબેને જણાવ્યું હતું કે સ્વસહાય જૂથએ ગરીબોને ધિરાણ આપવાની અનોપચારિક વ્યવસ્થા છે જે ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી નિર્માણમાં આશાસ્પદ સાધન તરીકે ઉદભવી રહ્યું છે. નાબાર્ડ ઉપરાંત સ્વસહાય જૂથ પણ માઈક્રોફાઈનાન્સ કાર્યક્રમ અમલીકરણમાં વિવિધ તબક્કે અગત્યની ભૂમિકા ભજવે છે.

# 'ધ નોટરી પબ્લીક' કાયદા ચોપડીનું કાનૂન મંત્રી ઋષિકેષ પટેલનાં વરદ હસ્તે વિમોચન



ગાંધીનગર, તા.૩૦

ધ નોટરી પબ્લીક કાયદાનાં બુકનું તા.૨૬/૧૦/૨૦૨૩ના ગાંધીનગર મુકામે કાનૂન મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલનાં વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. ધ નોટરી પબ્લીક એ નવા નોટરીઓ માટે ઘણી માર્ગદર્શક બની રહેશે. નોટરી એકટના નાના નાના ઘણાં પ્રશ્નોનો સવિસ્તાર ઉત્તર આપવાનો પ્રયત્ન એડવોકેટ એન્ડ નોટરીજયંત ગગલાણી દ્વારા કરવામાં આવ્યો છે.

આ સિવાય વિવિધ પ્રકારના સોગંદનામા, વહીવટી કામ માટે કરવાની થતી અરજીઓ, દસ્તાવેજ વગેરેનાં નમૂના આ ક્ષેત્રમાં આવનાર નવી વ્યક્તિઓને માહિતી પુરી પાડશે તથા મામલતદાર એકટની વિવિધ જોગવાઈઓની કરેલ છણાવટને કારણે મામલતદાર કચેરીના અધિકારી ગણને પણ આ પુસ્તક ઘણું ઉપયોગી સાબિત થશે. વિશેષ માહિતી અને ઓર્ડર માટે ફોન નં. ૯૮૯૮૦ ૬૪૮૫૪ તથા ૭૭૭૮૮ ૭૩૮૨૯ ઉપર સંપર્ક કરવાથી માહિતી મળી શકશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# હાર્દિક પંડ્યાનીની જગ્યાએ અક્ષર પટેલને સામેલ કરવામાં આવે તેવી શકયતા

### સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ગુજરાત તરફથી રમતા તેણે ૨૭ બોલમાં ૫૨ રનની ઈનિંગ રમી જેમાં ૪ સિક્સર સામેલ હતી, હાર્દિક પંડ્યા ઈજાગ્રસ્ત થઈને ટીમમાંથી બહાર બેઠો છે





નવી દિલ્હી, તા.૩૦

વર્લ્ડ કપની યજમાન ટીમ ઈન્ડિયા પોતાના વિજયરથ આગળ વધારી રહી છે. અત્યાર સુધી રમેલી પાંચમાંથી પાંચ મેચ જીતીને ટીમ ઈન્ડિયા પોઈન્ટ ટેબલમાં ટોપ પર છે. વર્લ્ડ કપની આ ટુર્નામેન્ટના ઓપનિંગમાં જ શાનદાર ફોર્મ ચાલતી રહેલો ટીમનો ઓપનર શુભમન ગિલ બીમાર થઈ ગયો હતો. ટુર્નામેન્ટની મધ્યમાં હાર્દિક પંડ્યા ઈજાગ્રસ્ત થઈને ટીમમાંથી બહાર બેઠો છે. આવી વિપરિત પરિસ્થિતિઓમાં પણ ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ કપમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. હવે ટીમ ઈન્ડિયાની સેમિફાઈનલમાં એન્ટ્રી બહુ દૂર નથી. માત્ર ૨ જીત અને ભારતીય ટીમ સેમી ફાઈનલમાં છે. પરંતુ ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા મોટી મેચો પહેલા ઈજાગ્રસ્ત થવો એ ચિંતાનો વિષય છે. તમને જણાવી દઈએ કે હાર્દિક ઈંગ્લેન્ડ સામેની મેચમાં રમશે તે નિશ્ચિત માનવામાં આવતું હતું, પરંતુ એવું ન થઈ શક્યું. તેને મેદાનમાં પરત ફરવામાં હજુ ૨ અઠવાડિયા લાગી શકે છે. દરમિયાન, એક ભારતીય ઓલરાઉન્ડર ફિટ થઈને મેદાનમાં પાછો ફર્યો છે અને ચોગ્ગા અને છગ્ગા ફટકારી રહ્યો છે. શક્ય છે કે હાર્દિકની જગ્યાએ આ ખેલાડીને ટીમમાં સામેલ કરવામાં આવે. ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ઈજાના કારણે મેદાનની બહાર છે. તેને સંપૂર્ણ રીતે ફિટ થવામાં ઓછામાં ઓછા બે અઠવાડિયા લાગી શકે છે. હાર્દિકના સ્વાસ્થ્ય વિશે અપડેટ આપતા, BCCIના અધિકારીએ કહ્યું, 'નીતિન પટેલની આગેવાની હેઠળની મેડિકલ ટીમ બેંગલુરુના નેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં તેનું નિરીક્ષણ કરી રહી છે. ઈજા થોડી વધુ ગંભીર લાગે છે. તેને અસ્થિબંધનની નાની ઈજા થઈ હોય તેવું લાગે છે જેને સાજા થવામાં સામાન્ય રીતે ઓછામાં ઓછા બે અઠવાડિયા લાગે છે. તેની ઈજા ઠીક થાય તે પહેલા NCA તેને છોડશે નહીં. મેડિકલ ટીમે ટીમ મેનેજમેન્ટને કહ્યું છે કે તેઓને આશા છે કે તે જલ્દી મેદાન પર પાછો ફરશે. ભારતીય ટીમનો ઓલરાઉન્ડર અક્ષર પટેલ સંપૂર્ણપણે ફિટ થઈને મેદાનમાં પાછો ફર્યો છે.

તમને જણાવી દઈએ કે અક્ષર વર્લ્ડ કપ ટીમનો ભાગ હતો, પરંતુ એશિયા કપમાં ઈજાગ્રસ્ત થતાં તેને પડતો મુકવો પડ્યો હતો. તેના સ્થાને આર અશ્વિનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એશિયા કપ દરમિયાન તેને ઈજા થઈ હતી, જેના પછી તે ફાઈનલ પણ રમી શક્યો નહોતો. એવું માનવામાં આવતું હતું કે તેને સ્વસ્થ થવામાં ઘણો સમય લાગશે, પરંતુ થોડા જ સમયમાં તે ફિટ થઈ ગયો અને મેદાનમાં પાછો ફર્યો. તે મેદાનમાં પાછો ફર્યો એટલું જ નહીં, તેણે પોતાનું ઘાતક સ્વરૂપ બતાવ્યું. સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ગુજરાત તરફથી રમતા તેણે ૨૭ બોલમાં ૫૨ રનની ઈનિંગ રમી જેમાં ૪ સિક્સર સામેલ હતી. હાર્દિક પંડ્યાની ગેરહાજરીમાં અક્ષર પટેલને ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે. જો કે, આ નિર્ણય સંપૂર્ણપણે મેનેજમેન્ટના હાથમાં છે. પરંતુ જો કોઈ કારણોસર હાર્દિક નોકઆઉટ મેચ પહેલા સંપૂર્ણ રીતે ફિટ થઈ શકતો નથી તો મેનેજમેન્ટ અક્ષર પટેલ પર વિચાર કરી શકે છે.

# ઈઝરાયલની જાસૂસીના આરોપ સબબ કતારમાં ૮ ભારતીયોને ફાંસીની સજા આઘાતજનક

નવી દિલ્હી તા. ૩૦

છેલ્લાં કેટલાંક વરસોમાં કતારનો અભિગમ જોતાં ઈન્ડિયન નેવીના ૮ ભૂતપૂર્વ સૈનિકોને માફી મળવા અંગે શંકા છે. મિડલ ઈસ્ટમાં કતારે માથું ઉંચકીને સાઉદીની સર્વોપરિતાને પડકારી છે. સાઉદી ધીરે ધીરે સુધારા કરી રહ્યું છે તેથી મુસ્લિમોનો મોટો વર્ગ નારાજ છે. કતાર તેનો લાભ લેવા એકદમ કટ્ટરવાદને રસ્તે વળ્યું છે. આરબ જગતમાં સૌથી મોટા બનવાની ખંજવાળ મટાડવા કતાર કટ્ટરવાદીઓને પંપાળી રહ્યું છે, મુસ્લિમ ના હોય એવા દેશોને પોતાના દુશ્મન માનીને વર્તે છે. સાઉદી અરેબિયા સાથે જેમને સારા સંબંધો છે એવા દેશોને પણ કતાર દુશ્મન દેશ માને છે. ભારતમાં હિંદુવાદી સરકાર છે અને નરેન્દ્ર મોદી સરકારને સાઉદી સાથે બહુ સારા સંબંધો છે તેથી કતાર ભારત તરફ પણ આક્રમક વલણ અપનાવી રહ્યું છે.

કતારની એક કોર્ટે ઈન્ડિયન નેવીના ૮ ભૂતપૂર્વ કર્મચારીને જાસૂસીના આરોપમાં ફાંસીની સજા ફટકારતાં ખળભળાટ મચી ગયો છે. કતારે ૨૦૨૨ના ઓગસ્ટમાં ઈન્ડિયન નેવીમાં વરસો લગી કામ કરનારા ૮ સૈનિકોને પકડયા તેના મહિનાઓ સુધી તો તેમની સામે શું આરોપ છે એ જ નહોતું કહ્યું. કતારમાં એક ખાનગી કંપનીમાં કામ કરતા આ ભૂતપૂર્વ નેવી સૈનિકોને સોલિટરી કન્ફાઈમેન્ટમાં રખાયેલા. મતલબ કે, કોઈ તેમને મળી જ ના શકે એ રીતે રખાયેલા.

આ વરસના માર્ચમાં તેમની સામે જાસૂસીનો આરોપો મૂકાયા અને હવે કોર્ટે આઠેયને ફાંસીની સજા ફટકારી છે. લગભગ સવા વર્ષ સુધી ૮ ભારતીયોનો અપરાધ શું છે તે ના કતારની સરકારે જાહેર કરેલું કે ના ભારત સરકારે જાહેર કરેલું. હવે અચાનક એવી વિગતો બહાર આવી છે કે, આ લોકો ઈઝરાયલ માટે જાસૂસી કરતા હતા. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ફાટી નિકળ્યું છે ત્યારે જ આ પ્રકારના આરોપો હોવાનું જાહેર કરાયું તેના કારણે કતારની વર્તણૂક શંકાસ્પદ બની ગઈ છે.

કતારે જેમને ફાંસીની સજા ફટકારી તેમાં ચાર ઈન્ડિયન નેવીના ભૂતપૂર્વ કમાન્ડર અને ત્રણ તો ભૂતપૂર્વ કેપ્ટન છે. કમાન્ડર કરતાં કેપ્ટનની પોસ્ટ ઉપર હોય છે. પૂર્ણેન્દુ તિવારી, સુગુનકર પકાલા, અમિત નાગપાલ અને સંજીવ ગુપ્તા ચાર ઈન્ડિયન નેવીમાં કમાન્ડર હતા જ્યારે નવતેજસિંહ ગિલ, બિરેન્દ્રકુમાર વર્મા, સૌરભ વશિષ્ટ કેપ્ટન હતા. રાગેશ ગોપાલકુમાર સેઈલર હતા કે જે નેવીમાં પ્રમાણમાં નીચી પોસ્ટ ગણાય પણ કમાન્ડર અને કેપ્ટન તો મિડલ લેવલની મહત્વની પોસ્ટ છે એ જોતાં ૭ ભૂતપૂર્વ સૈનિક તો મહત્વના હોદ્દા પર હતા. ઈન્ડિયન નેવીમાં આ આઠેય લોકોએ ૨૦ વર્ષથી વધારે સમય સુધી સેવા આપી છે.

કતારની કોર્ટના ચુકાદા સામે ભારતે આઘાત દર્શાવીને આ ભારતીયોને છોડાવવા જરૂરી તમામ કાનૂની લડતની તૈયારી બતાવી છે પણ છેલ્લાં કેટલાંક વરસોમાં કતારનો અભિગમ જોતાં ભારતીયોને માફી મળવા અંગે શંકા છે. મિડલ ઈસ્ટમાં વરસો સુધી સાઉદી અરેબિયાનું પ્રભુત્વ હતું પણ છેલ્લાં કેટલાંક વરસોથી કતારે માથું ઉંચકીને સાઉદીની સર્વોપરિતાને પડકારી છે. સાઉદી ધીરે ધીરે સુધારા કરી રહ્યું છે તેથી મુસ્લિમોનો મોટો વર્ગ નારાજ છે. કતાર તેનો લાભ લેવા એકદમ કટ્ટરવાદને રસ્તે વળ્યું છે.

આરબ જગતમાં સૌથી મોટા બનવાની ખંજવાળ મટાડવા કતાર કટ્ટરવાદીઓને પંપાળી રહ્યું છે. આ કારણે મુસ્લિમ ના હોય એવા બધા દેશોને કતાર પોતાના દુશ્મન માનીને વર્તે છે. બીજું એ કે, સાઉદી અરેબિયા સાથે જેમને સારા સંબંધો છે એવા દેશોને પણ કતાર દુશ્મન દેશ માને છે. ભારતમાં હિંદુવાદી સરકાર છે અને નરેન્દ્ર મોદી સરકારને સાઉદી સાથે બહુ સારા સંબંધો છે તેથી કતાર ભારત તરફ પણ આક્રમક વલણ અપનાવી રહ્યું છે.

ભારતમાં ફરાર જાહેર થયેલા કટ્ટરવાદી ધર્મોપદેશક ઝાકિર નાઈકને કતાર લાલ જાજમ પાથરીને આવકારે છે. ભાજપનાં નેતા નુપુર શર્મા અને રાજાસિંહે પયગંબર સાહેબ સામે ટીપ્પણીઓ કરી ત્યારે પણ કતારે આક્રમક વલણ અપનાવીને ભારતને આકરાં પગલાંની ચીમકી આપેલી. ભારતમાં મુસ્લિમો પર અત્યાચારો થાય છે એવા કુપ્રચારને સાચો માનીને કતાર ભારત વિરોધી વલણ લઈ ચૂક્યું છે. તેના કારણે કટ્ટરવાદી મુસ્લિમો રાજી થશે એવી કતારની ગણતરી છે.

વિશ્લેષકોનું માનવું છે કે, ઈન્ડિયન નેવીના આઠ ભૂતપૂર્વ સૈનિકોને ફાંસીની સજા કતારની આ જ સ્ટ્રેટેજીનો ભાગ છે. હમાસના આતંકીઓએ ઈઝરાયલમાં ઘૂસીને આતંક મચાવ્યો તેની પ્રતિક્રિયા તરીકે ઈઝરાયલે ગાઝા સ્ટ્રીપ પર આક્રમણ કર્યું છે. ભારતે ઈઝરાયલના વલણને ટેકો આપ્યો છે પણ કટ્ટરવાદી મુસ્લિમો હમાસના પડખે છે. ભારતના ઈઝરાયલ તરફી વલણ તથા ભારતમાં છેલ્લાં કેટલાંક વરસોમાં મુસ્લિમ કટ્ટરવાદીઓને વિદેશથી મળતા ફંડ પર આવેલી તવાઈના કારણે કટ્ટરવાદી મુસ્લિમો ખફા છે.

કટ્ટરવાદીઓને ખુશ કરવા કતારે ભારતીયોને ફાંસીની સજા કરાવીને આડકતરી રીતે ભારતને ચેતવણી આપી છે કે, ભારત ઈઝરાયલ તરફ ઢળશે તો ભારતીયોએ તેની કિંમત ચૂકવવી પડશે.

ભારતીયો સામે ઈઝરાયલ વતી જાસૂસીનો આરોપ છે તેની અત્યાર લગી કોઈને ખબર જ નહોતી. હવે અચાનક કતારે ભારતીયોને ઈઝરાયલના જાસૂસ સાબિત કરીને તેમને ફાંસીની સજા ફટકારી દીધી છે. આ રીતે કતારે પોતે પેલેસ્ટાઈનની લડાઈમાં મુસ્લિમોનો મસિહા છે એવું સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે. સાથે સાથે ભારતને પોતાની નિતી બદલીને પેલેસ્ટાઈન તરફ કરવાની ચીમકી પણ આપી દીધી છે.

કતારને યુએઈ અને ઈઝરાયલ વચ્ચેના સંબંધો સામાન્ય કરવા માટે થયેલા અબ્રાહમ કરાર સામે પણ વાંધો છે. સાઉદીએ આ કરારને ટેકો આપ્યો છે. સાઉદી-ઈઝરાયલ-યુએઈની સાથે ભારત જોડાય તો મિડલ ઈસ્ટમાં કતારના પ્રભુત્વ સામે ખતરો છે. આ સિવાય ભારતના ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોરને પણ કતાર શંકાની નજરે જુએ છે. ચીન, તુર્કી અને પાકિસ્તાન જેવા કતારના મિત્રો સામે આ કોરિડોર ખતરો ઉભો કરશે. તેના કારણે પણ કતાર ભારત પર ખફા હોવાનું મનાય છે.

કતાર એકદમ લુચ્ચાઈ પર ઉતર્યું છે ને ભારતે આ લુચ્ચાઈને કઈ રીતે પહોંચી વળવું એ મોટો સવાલ છે. કતાર બહુ નાનો દેશ છે. માત્ર ૨૮ લાખની વસતી ધરાવતા કતારની લશ્કરી રીતે ભારત સામે ટકવાની કોઈ તાકાત નથી પણ આર્થિક રીતે તેની તાકાત બહુ છે. ભારત માટે તકલીફ એ છે કે, ભારતીયો બહુ મોટી સંખ્યામાં કતારમાં રહે છે. કતારની ૨૮ લાખની વસતીમાં ૮ લાખ તો ભારતીયો છે ને તેમાંથી અડધાથી વધારે હિંદુ છે. કતારની કુલ વસતીમાં હિંદુ ધર્મ પાળનારા ૧૫ ટકા એટલે કે સવા ચાર લાખ હિંદુ છે જે બધા ભારતીયો છે.

કતારમાંથી દર વર્ષે કરોડો ડોલર ભારતમાં આવે છે. કતાર ભારતને ક્રૂડ સપ્લાય કરતો સાતમા નંબરનો સૌથી મોટો દેશ છે. આ બધાં કારણોસર ભારતને કતાર સામે આક્રમક બનવુ પરવડે તેમ નથી. આ સંજોગોમાં ભારતે કળથી કામ લેવું પડે એમ છે.

ભારતે તેની શરૂઆત ઈઝરાયલ અને પેલેસ્ટાઈન એ બે ટુ નેશનની થીયરીને સમર્થનની તેની જૂની નિતિમાં કોઈ ફેરફાર નથી થયો એવી સ્પષ્ટતા કરીને કરી છે. સાથે સાથે ગાઝા સ્ટ્રીપમાં ફસાયેલા પેલેસ્ટાઈનીઓ માટે માનવતાના ધોરણે સહાય પણ મોકલી છે. ભારતના આ પ્રયત્નો ફળે, કતારનું હૃદય પિગળે અને ભારતની સેવા કરનારા ૮ ભૂતપૂર્વ સૈનિકોના જીવ બચી જાય એવી આશા રાખીએ.

**ભારતીયો કતાર નેવીમાં સબમરીન પ્રોજેક્ટમાં કામ કરતા હતા**

ઈન્ડિયન નેવીના આઠ ભૂતપૂર્વ સૈનિક કતારમાં દાહરા ગ્લોબલ ટેકનોલોજીસ એન્ડ કન્સલ્ટન્સી સર્વિસીસ નામની ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. રોયલ ઓમાન એર ફોર્સના નિવૃત્ત સ્ક્વોડ્રન લીડર ખામિસ અલ-અજમીની માલિકીની આ કંપની કતારની આર્મ્ડ ફોર્સીસના ટ્રેઈનિંગ તથા બીજી સેવાઓ પૂરી પાડતી હતી. મતલબ કે, કંપની સીધી જ કતારની આર્મી સાથે જોડાયેલી હતી.

આ આઠ ભારતીયો કતાર નેવીના અત્યંત સંવેદનશીલ સબમરીન પ્રોજેક્ટ સાથે સંકળાયેલા હતા. ઈટાલીની કંપની ફિનકાન્ટીયેરી એસપીએ સાથે કતારી નેવીએ ૨૦૨૧માં બે ડીઝલ-ઈલેક્ટ્રિલ સબમરીન બનાવવાનો કરાર કરેલો. ઈટાલિયન ટેકેનોલોજી આધારિત સ્ટીલ્થ મિગેટ સબમરીન પર કામ ચાલુ હતુ ત્યારે જ ઓગસ્ટમાં અલ-અજમીની ભારતીયો સાથે ધરપકડ કરી દેવાઈ. કતાર સ્ટેટ સીક્યુરિટીનો આરોપ છે કે, આ સબમરીન પ્રોજેક્ટ અંગે ભારતીયો જાસૂસી કરીને ઈઝરાયલ ને વિગતો આપતા હતા. તેમના ફોન,ઈમેલ, મેસેજ વગેરે પરથી આ વાતની ખબર પડી હતી. અલ-અજમી તો ત્રણ મહિના પછી ૨૦૨૨ના નવેમ્બરમાં છૂટી ગયો પણ ભારતીયો ફસાઈ ગયા. અલ-અજમીએ ૨૦૨૩ના એપ્રિલમાં કંપની બંધ કરીને નવી કંપની શરૂ કરી દીધી પણ ભારતીયોનું ભાવિ અધ્ધરતાલ થઈ ગયું.

**કતારમાં કેદ ભારતીયોને જેલમાં કોઈને મળવા જ નથી દેવાતા**

ઈન્ડિયન નેવીના ૮ ભૂતપૂર્વ સૈનિકો સાથે કતારનું વર્તન અત્યંત આઘાતજનક અને માનવતાવિહીન છે. કતારની ઈન્ટેલિજન્સ એજન્સી સ્ટેટ સીક્યુરિટી બ્યુરોએ ઓગસ્ટમાં ધરપકડ કર્યા પછી ભારતીય દૂતાવાસને છેક સપ્ટેમ્બરમાં જાણ કરી હતી. ૩૦ સપ્ટેમ્બરે ભારતીયોને તેમના પરિવારજનો સાથે બે મિનિટ વાત કરવા દેવાઈ પછી તેમને કોઈને મળવા જ નહોતા દેવાતા.

ભારતીય દૂતાવાસે દબાણ કરતાં ૩ ઓક્ટોબરે દૂતાવાસના એક અધિકારીને તેમને મળવાની મંજૂરી અપાઈ હતી. એ પછી તેમને સોલિટરી કન્ફાઈન્ટમેન્ટમાં રાખીને કોઈને મળવા જ નહોતા દેવાતા. દર અઠવાડિયે તેમના પરિવારને ફોન કરવા દેવાતા પણ તેમની સામે આરોપો શું છે તેની પણ જાણ નહોતી કરાઈ.




આપણા વધેલા ભથ્થાની રકમ ઈન્કમટેક્ષ ભરવામાં જ જશે ! માટે ખુશ થવાનું રહેવા દે. !



કેન્દ્રના કર્મચારીઓના ભથ્થા વધ્યા હવે આપણા કયારે વધશે ?

# ગિરનારની ઓળખ ભુંસી નાખવાના પ્રયાસોને છેલ્લા શ્વાસ સુધી સફળ નહી થવા દેવાય : મહંત શ્રી મહેશગીરી બાપુ

## ગિરનાર અમારો છે અને અમારો રહેશે તેમજ ગિરનારના જે કોઈ નિર્ણય લેવાના થશે તે બાબત અમે સંતો જ લેશુંના રણટંકાર સાથે ભારતી આશ્રમ ખાતે યોજાયું વિરાટ સનાતની સંમેલન







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૦

ભવનાથ તળેટી ખાતે આવેલા ભારતી આશ્રમ ખાતે ગત શનિવારે એક વિરાટ સંત સંમેલન યોજવામાં આવ્યું હતું અને આ સંમેલનમાં સંતોએ ગિરનાર અમારો છે અને ગિરનાર અંગેના જે કોઈ નિર્ણય લેવાના થશે તે અમે જ લેશું તેવો રણટંકાર પણ કર્યો હતો.

ગિરનાર ખાતે આવેલા ગુરૂદત્તાત્રેય શિખર ઉપર ભગવાન ગુરૂદત્તાત્રેયના મંદિરમાં નુકશાન તેમજ ચરણપાદુકાને નુકશાન અને હિચકારા હુમલા સહિતના બનાવ ગત તા.૧ ઓકટોબરના રોજ બનવા પામેલ હતો અને જેના ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા અને જવાબદારો સામે પગલા ભરવાની માંગણી સાથે ગુરૂ દત્તાત્રેય સંસ્થાન ગિરનાર તથા મહંત શ્રી મહેશગીરીબાપુએ તંત્રને રજુઆતો પણ કરી હતી અને અગાઉ એક પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી અને દિગંબર જૈન સમાજના કેટલાક અરાજક તત્વોએ જે કૃત્ય કર્યું છે તેની સામે એફઆઈઆર દાખલ કરવાની માંગ કરી હતી અને આ સાથે જ ભારતી આશ્રમ ખાતે એક સનાતની સંમેલનનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આ સંમેલન યોજાઈ તે પહેલા શુક્રવારે હુમલો કરનારાઓની સામે ગુનો દાખલ થયો હતો અને પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ હતી. જયારે શનિવારે સનાતની સંમેલનનો કાર્યક્રમ યથાવત રહ્યો હતો. જેમાં સંમેલન પુર્વે એક વિશાળ બાઈક રેલી પણ યોજાઈ હતી અને નિર્ધારીત સમયે સનાતની સંમેલન યોજાયું હતું. ભારતી આશ્રમ ખાતે યોજાયેલા આ સંમેલનમાં જુદા-જુદા ક્ષેત્રમાંથી આવેલા સંતો-મહંતો, મહામંડલેશ્વરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પંચ અગ્નિ અખાડા અને અખીલ રાષ્ટ્રીય સાધુ સમાજના પ્રમુખ મુકતાનંદબાપુ, પરબની જગ્યાના મહંત કરશનદાસબાપુ, પૂજય શેરનાથબાપુ, પૂજય તનસુખગીરીબાપુ, બળેજના પૂજય ભુવાઆતા અને સંતો તેમજ સાધના આશ્રમના પૂજય શૈલજા માતાજી દેવી તેમજ વિશાળ સંખ્યામાં સંતગણ ઉપસ્થિત રહેલ. આ સાથે દત્ત ભગવાનના સેવકો તેમજ સનાતની સેવકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ભારતી આશ્રમનું પટાંગણમાં સંતો અને સેવકો જોવા મળતા હતા જેને વિરાટ સનાતની સંમેલન પણ કહી શકાય. આ સંમેલનમાં ઉપસ્થિત સંતોએ પોત-પોતાના વિચારો, મંતવ્યો રજુ કર્યા હતા. જયારે પૂજય મહેશગીરીબાપુએ આ સંમેલન બોલવવાનું કારણ તેમજ ગિરનાર ઉપર થતા અવાર-નવાર ધાર્મિક સ્થળોના હુમલાઓ તેમજ ગિરનારની ઓળખ ભુંસી નાખવાના જે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેને કોઈ કાળે સફળ નહી થવા દેવાય, છેલ્લા શ્વાસ સુધી અમે આ કાર્ય કરશું એટલું જ નહી આગામી તા.૭ના રોજ પાલીતાણા ખાતે યોજાનારા સંમેલનમાં પણ સૌને હાજરી આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પૂજય મહેશગીરીબાપુએ જણાવ્યું હતું કે, જૂનાગઢ નજીક આવેલો આ ગિરનાર એ સિધ્ધ સંતોનું ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં સંતોએ સાધનાઓ કરી છે અને હજુ પણ સંતો સાધના કરે છે. અમારો મુખ્ય પ્રશ્ન એ છે કે, ગિરનારમાં આવેલા ધાર્મિક સ્થળોને જુદા નામો આપી દેવા તેમજ ગિરનારની ઓળખ ભુંસાવી નાખવા જે પ્રયાસો થઈ રહ્યા છે તેની સામે આ એલાને જંગ છે અને આગામી દિવસોમાં અમે એક સર્વે કરશું અને આ સર્વેમાં જયાં જયાં ધાર્મિક સ્થળો ઉપર ચેડા થયા હશે તેની સામે કાર્યવાહી કરશું. આ ઉપરાંત ગિરનાર ઉપર દત્ત શિખર ઉપર થયેલા આ હુમલા અને તેના જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસ તંત્ર દ્વારા એફઆઈઆર જવાબદારો સામે દાખલ કરવામાં આવી છે તે બદલ તંત્રનો આભાર માન્યો હતો અને ગિરનારની જાળવણી, સુરક્ષા માટે છેલ્લા શ્વાસ સુધી તમામ પ્રયાસ કરવાનો રણટંકાર પણ પૂજય મહેશગીરીબાપુએ વ્યકત કર્યો હતો.



(તસ્વીર : વિજય ત્રિવેદી)

# દેવભૂમિ દ્વારકા ખાતે સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજનાં યોજાયેલા ૨૭માં મહાઅધિવેશનમાં જૂનાગઢ જીલ્લાનાં પદાધિકારીઓની ખાસ ઉપસ્થિતિ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૦






દેવભૂમિ દ્વારકા ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજનું ૨૭મું અધિવેશન યોજવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજનાં પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહયા હતાં. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જીલ્લાના પ્રમુખ પ્રફુલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ અને પુર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યના આર્શીવાદ સાથે જૂનાગઢના આંગણે મહિલાઓ દ્વારા મહિલાઓ માટે જ નવરાત્રી રાસોત્સવનું સફળ રીતે આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમની સફળતા પ્રાપ્ત થઈ હતી તેમજ દિકરીઓને સુસજજ બનાવી અને સ્વરક્ષા માટે તૈયાર કરવાનું પણ બીડુ ઝડપી લેવામાં આવેલ છે. ઉપરાંત સમાજ માટે યોગદાન આપનારી મહિલાઓનું સન્માન પણ કરવામાં આવેલ હતું. દરમ્યાન દેવભૂમિ દ્વારકા ખાતે તાજેતરમાં સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મ સમાજનું ૨૭મું મહાઅધિવેશન યોજવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી, કિરણભાઈ પુરોહિત, દિપકભાઈ, રવીભાઈ તેમજ ટીમના કાર્યકર્તાઓ ઉપરાંત કનકબેન વ્યાસ, ડો. નિષ્ઠાબેન અભિજીત ઉપાધ્યાય, મનીષાબેન દવે અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન દ્વારકાધીશના દર્શનનો પણ લાભ લેવામાં આવેલ હતો. દ્વારકા ખાતે યોજાયેલા સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના ૨૭માં મહાઅધિવેશનમાં સમાજમાં સંગઠીતતા, એકતા તેમજ સેવાકાર્ય તેમજ રચનાત્મક કાર્યો તેમજ જન જાગૃતિ માટેના વિચાર-વિમર્શ અને નિર્ણયો લેવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્ર-કચ્છના દરેક જીલ્લામાં સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના સંગઠનને વધુ મજબુત બનાવવા પણ નિર્ણય લેવાયો હતો.

# ચોરવાડમાં યુવાનનો રહસ્યમય ગળાફાંસો, સ્યુસાઈડ નોટમાં કોંગી ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિત ૩ના નામનો ઉલ્લેખ : ચકચાર

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૦

ચોરવાડમાં રહેતા ગીર સોમનાથના કોંગી ધારાસભ્ય વિમલ ચુડાસમાના માસીયાઈ ભાઈ નિતીન જગદીશભાઈ પરમાર(ઉ.વ.૩૦) નામના યુવાને શરદપૂનમની રાતે પોતાના ઘરે કેબલ ડીસના કાળા કલરના વાયર સાથે પંખે લટકીને રહસ્યમય રીતે ગળેફાંસો ખાઈ લેતા સમગ્ર સોરઠ પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવમાં એક કથિત સ્યુસાઈડ નોટ મળી આવી છે. જેમાં કોંગી ધારાસભ્ય સહિત ત્રણ વ્યકિતના ત્રાસથી આ પગલું ભર્યું હોવાનો ઉલ્લેખ મળતા પોલીસે અમોત દાખલ કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સ્યુસાઈડ નોટમાં જેમના નામનો ઉલ્લેખ છે તેવા કોંગી ધારાસભ્ય વિમલ ચુડાસમાએ કહ્યું કે, તેમના ભાઈની હત્યા કરવામાં આવી છે અને તેમને ફસાવવા માટેનું પુર્વ આયોજીત કાવતરૂ છે. પોલીસ સુત્રોએ કહ્યું કે, આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ચોરવાડ સરકારી હોસ્પિટલથી તપાસ શરૂ કરી હતી અહી નિતીન જગદીશ પરમાર નામના યુવાનને કારમાં લાવવામાં આવ્યા હતા. તેમને ફરજ ઉપરના તબીબે તપાસીને મૃત જાહે કર્યા હતા. આ સમયે મૃતકના ભાઈ હિતેષ પરમારે એક સ્યુસાઈડ નોટ આપી છે અને તેમના ભાઈના મોત અંગે અલગ-અલગ આક્ષેપો કરીને રજુઆત કરી છે. જે કથિત સ્યુસાઈડ નોટમાં એવું જણાવેલ છે કે, મારૂ નામ નિતીન જગદીશ પરમાર છે. હું અત્યારે ફાંસી ખાવ છું અને તેના માટે જીમ્મેદાર ત્રણ વ્યકિત છે. વિમલ કાનાભાઈ ચુડાસમા(સોમનાથ ધારાસભ્ય), મનુભાઈ મકન કવા(પ્રાચી), ભનુ મકન કવા(પ્રાચી) આ ત્રણ જણની હિસાબે મને માનસિક ત્રાસ અને મને મારી નાખવાની ધમકીઆપે છે. તેની હિસાબે હું ફાંસી ખાઈને જીવન ટુંકાવ્યું છે અને મારે મરવાનું કારણ આ ત્રણ જણ છે. આ પત્રમાં મરનાર નિતીને અલગ-અલગ જગ્યા ૧૦ જેટલી અંગ્રેજીમાં સહી કરી છે. જે કબ્જે કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાશનીશ ચોરવાડ પીએસઆઈ કે.એમ. ગઢવીએ કહ્યું કે, ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને મૃતકનું જામનગર મુકામે ત્રણ ડોકટરની પેનલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જેના પ્રાથમિક રિપોર્ટ અનુસાર આ બનાવ આપઘાતનો એટલે ગળેફાંસો ખાવાથી થયો હોવાનું જણાઈ રહ્યું છે. બનાવ સ્થળે એટલે મૃતકનું ચોરવાડમાં જુજારપુર રોડ ઉપર આવેલ ઘરે તપાસ કરતા નિતીને તેમના ઘરે પંખે કાળા કલરના ડીસના વાયર સાથે લટકીને આપઘાત કર્યો હોવાનું જણાય આવ્યું છે. મૃતક નિતીન છેલ્લા બે વર્ષથી તેમના પરિવારથી અલગ પત્ની અને બે દીકરી સાથે અહી રહેતો હતો અને તેમના પત્ની અને બંને દિકરી છેલ્લા ૪ દિવસથી પિયર ગયા હતા. બનાવવ સમયે નિતીન ઘરે એકલો હતો. હાલ મૃતકના ભાઈ હિતેષભાઈ પરમારની જાહેરાત લઈને સ્યુસાઈડ નોટના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે અને તપાસમાં કોઈ પુરાવા મળ્યે આગળની કાર્યવાહી કરવામાં આવશે. ડીવાયએસપી કોડીયાતરએ કહ્યું કે, આ ઘટનામાં ચોરવાડ સરકારી હોસ્પિટલમાં જે તે સમયે જે કારમાં જે લોકો તેમને લઈને આવ્યા હતા તેમજ સ્યુસાઈડ નોટમાં નામના વ્યકિતઓ સામે તે અંગે પણ તપાસ કરવામાં આવશે તેમજ મૃતકના મોબાઈલ, સ્યુસાઈડ નોટનું પરીક્ષણ સહિતની વિગતો ધ્યાને લઈને તપાસ કરવામાં આવશે તેમજ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

કથિત સ્યુસાઈડ નોટમાં જેમના નામનો ઉલ્લેખ છે તેવા કોંગી ધારાસભ્ય વિમલ ચુડાસમાએ કહ્યું કે, મૃતક નિતીન તેમના માસીનો દીકરો થાય છે. તે છેલ્લા બે વર્ષથી તેમના પોતાના અને મારા પરિવારથી અલગ રહે છે તેમની સાથે અમારે બે વર્ષથી કોઈ સંબંધ કે કોન્ટેકટ નથી. ગત રાતે શરદપૂનમે ચોરવાડમાં અહી દાંડીયા રાસનો કાર્યક્રમ હતો અમે ત્યં હતા. ત્યારે મારી સાથે નિતીનનો ભાઈ પણ હતો તેમને આ ઘટના અંગે ફોન આવતા અમો સાથે ચોરવાડ સરકારી હોસ્પિટલ ગયેલા ત્યારે નિતીન મૃત્યું હાલતમાં હતો. અમોએ હોસ્પિટલના સીસીટીવી જોયા તોએમાં કાળા કલરની એમ.પી. લખેલી ફોચ્યુંનર કારમાં સાતથી આઠ શખ્સો તેને લાવ્યા હતા અને ફાંસી ખાધી છે કહીને મુકીને જતા રહ્યા હતા. નિતીન ઘણા સમયથી એમ.પી.ના મોટા બાપાના દીકરા સાથે ફરતો હતો અને નિતીને લખેલી સ્યુસાઈડ નોટમાં જે અક્ષર છે તે નિતીનના હોય ના શકે તેના અક્ષર તો સુંદર થતા હતા. કોઈએ દારૂના નશામાં તેની પાસે અગાઉ આવી નોટ લખાવી લીધી હોય તેવી અમોને શંકા છે. મને ફસાવવા માટેનું આ પુર્વયોજીત કાવતરૂ છે. નિતીનના શરીર ઉપર વાંસાના અને પગના ભાગે ઈજાના નિશાન છે. તેનું અંદરો-અંદર મર્ડર કરવામાં આવ્યું હોય તેવી મને શંકા છે. આ બારામાં તપાસ થવી જરૂરી છે.

## દ્વારકા : એપાર્ટમેન્ટના મીટર રૂમમાં આગ લાગી

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૩૦

દ્વારકાના વિરમેશ્વરનગર સિધ્ધનાથ મંદિર પાસે રવિવારના રોજ એક એપાર્ટમેન્ટના મીટર રૂમમાં અચાનક આગ લાગી હતી. ઘટના સ્થળે દ્વારકા નગરપાલિકા ફાયર બ્રિગેડની ટીમએ ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી.

# જૂનાગઢમાં પોલીસ કોન્સ્ટેબલના ઘરમાં તસ્કરોનો હાથફેરો, રૂા.૫.૭૩ લાખની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩૦

જૂનાગઢમાં મીરાનગર વિસ્તારમાં રહેતા પોલીસ કોન્સ્ટેબલના બંધ ઘરમાં શરદપૂનમની રાતે તસ્કરો ખાબકયા હતા. તસ્કરોએ ઘરમાંથી ૯૮ હજાર રોકડા અને ૧૦ તોલાના સોના-ચાંદીના દાગીના મળીને કુલ ૫.૭૩ લાખની માલમતા ચોરી ગયાની ફરિયાદ સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ચોરીમાં ચાર શંકાસ્પદ ઈસમો સીસીટીવીમાં કેદ થતા પોલીસે તપાસ શરૂ કરી છે. વંથલી પોલીસ સ્ટેશનમાં ડ્રાઈવર પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હરેશભાઈ પરબતભાઈ લુવાના અહી જૂનાગઢના મીરાનગર, ગ્રિનવુડ ટાઉન્શીપ ધરતીપાર્ક બ્લોક નંબર ૭૧ મકાનમાં ચોરી થયાનું સામે આવ્યું છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે, તા.૨૮ના રોજ શરદપૂનમની રાતે વંથલી ખાતે પોલીસ પરિવાર માટે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી તેઓ ઘરને લોક કરીને વંથલી જતા રહ્યા હતા અને રાતે ૩.૪૫ કલાકે પરત જૂનાગઢ આવ્યા ત્યારે જોયું કે, તેમના ઘરના તાળા તુટેલા હતા અને ઘરમાં સામાન વેર વિખેર હતો અને લાકડાના કબાટમાં રાખેલા તેમના સંયુકત પરિવારના સોના-ચાંદીના મળીને કુલ ૫.૭૩ લાખની માલમતાની ચોરી થયેલ હતી. જે દાગીનામાં ૨.૭૫ લાખનું ૫ તોલાનું સોનાનું મંગલસુત્ર, ૧.૨૫ લાખનું ૩ તોલાનું સોનાની ચાર વીટી અને નથલી તેમજ ૫૦ હજારની કિંમતના એક તોલાનો રૂદ્રાક્ષનો પારો, કંઠી તેમજ ચાંદીના સાંકળા, કડાલ, કંદોરો ચોરી થયેલ હતું. બાદમાં સીસીટીવી ચેક કર્યા જેમાં રાતે ૨.૩૯ કલાકે ચાર અજાણ્યા શખ્સોની હિલચાલ નજરે ચડી હતી. જેને લઈને તેમણે સી ડીવીઝન પોલીસમાં ચાર અજાણ્યા શખ્સો સામે ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે.

## વડાલ-સુખપુર રોડ ઉપર સફાઈ અભિયાન હાથ ધરાયું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૦

સ્વછતા હિ સેવા સફાઈ ઝુંબેશના ભાગરૂપે તારીખ ૨૯-૧૦-૨૩ના રોજ જૂનાગઢની હદ બહાર જૂનાગઢને જોડતો વડાલ સુખપુર રોડ હાઈવે એન્ટ્રી પોઈન્ટમાં સફાઈ અભિયાન તેમજ વોર્ડ નં-૧ થી ૧૫માં આવતા અવિકસિત અને અનિયમિત વિસ્તારમાં તેમજ ધાર્મિક સ્થળો ઉપર સઘન સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવેલ જેમાં સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ હાજાભાઈ ચુડાસમા અને રાજુભાઈ ત્રિવેદી અને વિનાયક બાપુ તેમજ સેને. સુપર વાઈજર તેમજ એસઆઈની હાજરીમાં સફાઈ અભીયાન ચલાવવામાં આવ્યું. જેમાં કચરો તેમજ સીએનડી વેસ્ટ તથા ઝારીઝાંખડા સહિત આશરે કચરો આશરે ૪૫ ટન જેટલો કુલ માણસો ૧૩૦ તેમજ ટ્રેકટર ૪ જેસીબી ૩ અને સૂપડી ૧ તેમજ ટીપર વાન દ્વારા કચરો નિકાલ કરવામાં આવેલ હતો.

ચોથી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શકિત હતી,
પરીશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભક્તિ હતી,
સજ્જનતા જેની સુવાસ હતી,
પ્રસન્નતા જેનું જીવન હતું,
પરોપકાર કરવો તે લક્ષ્ય હતું

એવા દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિરઃ શાંતિ આપે તેજ હૃદય પૂર્વક પ્રાર્થના.

સ્વ.રેખાબેન ભરતભાઈ રાવલ
સ્વ.તા.૩૦-૧૦-૨૦૧૯

લી.
ભરતભાઈ એમ. રાવલ (પતિ) (એડવોકેટ એન્ડ નોટરી, જૂનાગઢ)
જાગૃતિબેન બી. રાવલ (યુ.એસ.એ. - પુત્રી)
પ્રતિક્ષાબેન બી. રાવલ (સાઉદી અરેબીયા - પુત્રી)
રૂચાબેન બી. રાવલ (એડવોકેટ - વાપી)
તથા સમગ્ર રાવલ પરિવાર

જાહેર જનતા જોગ જાણ

અમો નીચે સહી કરનાર નરેન્દ્ર અમૃતલાલ લાઠીયા રહે. જૂનાગઢ ઠે. અક્ષર સોસાયટી, સાંઈબાબા મંદિર સામે, મધુરમ રોડ, વાળા જાહેર જનતા જોગ જાહેર કરીએ છીએ કે, અમારો સગો ભાઈ નિકુંજ અમૃતલાલ લાઠીયા છેલ્લા અમુક દિવસોથી અમારી સાથે સબંધ તોડીને જતો રહેલ છે. અને તેમના પુત્રને સાથે લઈ ગયેલ છે. જેથી અમારી સાથે તે કે તેનો પુત્ર સાથે રહેતા નથી.

જેથી અમારા ભાઈ નિકુંજ સાથે અમારા નામે પૈસાની લેતી-દેતી કે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહી છતાં પણ કોઈ પક્ષકાર અમારા નામે પૈસાની લેતી-દેતી કે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો અમારી કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી અને સંપૂર્ણપણે જવાબદારી વ્યવહાર કરનારની રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જૂનાગઢ
તા. ૨૮-૧૦-૨૦૨૩

લી.
નરેન્દ્ર અમૃતલાલ લાઠીયા

Vibrant GUJARAT 2024 | G20 | ગુજરાત સરકાર | આઝાદી કા અમૃત મહોત્સવ | INTERNATIONAL YEAR OF MILLETS 2023

# ઉત્તર ગુજરાતના સર્વાંગી વિકાસને મળશે ગતિ-શક્તિ

માનનીય વડાપ્રધાન
## શ્રી નરેન્દ્રભાઈ મોદીના
વરદ્હસ્તે





### ભારતીય રેલવે અને ગુજરાત સરકારના કુલ
## ₹ ૫૯૫૦ કરોડના
વિવિધ પ્રકલ્પોનાં

# લોકાર્પણ અને ખાતમુહૂર્ત

### સુવ્યવસ્થિત રેલ કનેક્ટિવીટી

ભારતીય રેલવેનાં કુલ ₹ ૪૯૮૦ કરોડનાં ૨ પ્રકલ્પો
- નવા ભાંડુથી નવા સાણંદની વચ્ચે પશ્ચિમી ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરનું લોકાર્પણ
- વિરમગામ – સામાખ્યાલી રેલવે લાઇનું ડબલીંગ

ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશનનો
₹ ૪૫૦ કરોડના ૧ પ્રકલ્પ
- કટોસણ-બેચરાજી બ્રોડ ગેજ રેલ લાઈનનું ખાતમુહૂર્ત

### જળ શક્તિથી સમૃદ્ધ ગુજરાત

પાણી પૂરવઠા વિભાગનાં ₹ ૨૧૦ કરોડનાં ૪ પ્રકલ્પો
- પાલનપુર ગ્રૂપ પેકેજ ૧, પેકેજ ૨નું તથા ધરોઈ ડેમના HW અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ
- મહેસાણામાં ધરોઈ ઓગ્મેન્ટેશન પાર્ટ-૨ કામગીરીનું ખાતમુહૂર્ત



### સિંચાઈની સુદ્રઢ સગવડ

જળસંસાધન વિભાગનાં ₹ ૨૭૦ કરોડનાં ૩ પ્રકલ્પો
- વિજાપુર અને માણસા તાલુકાના તળાવોનું લોકાર્પણ
- સાબરમતી નદી પરના વલાસણા બેરેજનું લોકાર્પણ
- સંતરામપુરના લિફ્ટ ઈરીગેશન પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

### ફોર લેન રોડ કનેક્ટિવીટી

માર્ગ અને મકાન વિભાગનો
₹ ૧૭૦ કરોડનો ૧ પ્રકલ્પ
- નરોડા-દહેગામ-હરસોલ-ધનસુરા રોડને ફોર લેન કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત

### સુદ્રઢ ગટરવ્યવસ્થા થકી નાગરિક સુખાકારી વધશે

શહેરી વિકાસ વિભાગના ₹ ૧૭૦ કરોડનાં
- કલોલ નગરપાલિકા ખાતે સુએજ અને સેપ્ટેજ મેનેજમેન્ટના કામોનું ખાતમુહૂર્ત
- સિદ્ધપુર, પાલનપુર, બાયડ તથા વડનગર ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુહૂર્ત

### ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી ઋષિકેશભાઈ પટેલ**
માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

**શ્રીમતી દર્શનાબેન જરદોશ**
માનનીય કેન્દ્રીય રા. ક. મંત્રી, રેલવે અને કાપડ ઉદ્યોગ

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય સંસદસભ્ય (લોકસભા), નવસારી, ગુજરાત

**શ્રી બલવંતસિંહ રાજપૂત**
માનનીય મંત્રી, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત

**શ્રી કુંવરજીભાઈ બાવળીયા**
માનનીય મંત્રી, જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો, ગુજરાત

**શ્રી જગદીશભાઈ પંચાલ**
માનનીય રા. ક. મંત્રી, સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રોટોકોલ (તમામ સ્વતંત્ર હવાલો), લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન (રાજ્યકક્ષા), ગુજરાત

**તારીખ:** 30 ઓક્ટોબર, ૨૦૨૩ | **સમય:** સવારે ૧૧:00 વાગે | **સ્થળ:** ગામ - ડભોડા , તાલુકો - ખેરાલુ, જિલ્લો - મહેસાણા, ગુજરાત

કાર્યક્રમનું જીવંત પ્રસારણ DD ની વિવિધ ચેનલો પર | X CMOGuj | f CMOGuj | YouTube CMOGujarat | Instagram CMOGujarat